Sunday
27.08.2023
✳Volume :8 ✳ Issue No.32
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

પ્રધાનમંત્રીએ ચંદ્રાયાન-3ની સફળતા પર ટીમ ISROને સંબોધન કર્યું

"ભારત ચંદ્ર પર છે! આપણે ચંદ્ર પર આપણાં રાષ્ટ્રીય ગૌરવને સ્થાપિત કર્યું છે"

"આ નવું ભારત ૨૧મી સદીમાં દુનિયાની મોટી સમસ્યાઓને સમાધાનો પ્રદાન કરશે"

"જે ક્ષણે ચંદ્રાયાન ચંદ્ર પર ઉતર્યું એ આ સદીની સૌથી વધુ પ્રેરક ક્ષણો પૈકીની એક છે"

"હું મુલાકાત લેવા અધીર અને આતુર હતો તથા તમારી ખંત, તમારાં સમર્પણ, સાહસ, કટિબદ્ધતા અને ધૈર્યને બિરદાવવા ઇચ્છતો હતો"

"ચંદ્રાયાન-3 ચંદ્ર અભિયાનની સફળતામાં આપણી મહિલા વૈજ્ઞાનિકો, દેશની નારીશક્તિએ મોટી ભૂમિકા ભજવી છે"









"આપણાં મૂન લેન્ડરે 'અંગદ'ની જેમ ચંદ્ર પર પોતાનો પગ દ્રઢતાપૂર્વક જમાવી દીધો છે"

"અત્યારે સમગ્ર વિશ્વ ભારતનાં વૈજ્ઞાનિક ઉત્સાહ, આપણી ટેકનોલોજી અને આપણી વૈજ્ઞાનિક ક્ષમતાને જુએ છે અને સ્વીકારે છે"

"ચંદ્રાયાન-3નું મૂન લેન્ડર જે પોઇન્ટ પર ઉતર્યું છે એ હવે 'શિવ શક્તિ' તરીકે ઓળખાશે"

"ચંદ્રાયાન ૨ એની નિશાનોએ જે પોઇન્ટ પર છોડે છે એ હવે 'તિરંગા' તરીકે ઓળખાશે"

"ત્રીજી હરોળ"માંથી 'પહેલી હરોળ'માં પહોંચવાની આ સફરમાં 'ISRO' જેવી સંસ્થાઓએ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગ્રીસથી પરત ફર્યા પછી બેંગાલુરુમાં ISRO ટેલીમેટ્રી ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક (ISTRAC)ની મુલાકાત લીધી હતી અને ચંદ્રાયાન-૩ની સફળતા પર ટીમ ISROને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રી ચંદ્રાયાન-૩ અભિયાનમાં સંકળાયેલા ISROના વૈજ્ઞાનિકોને મળ્યાં હતાં અને તેમનીસાથે સંવાદ કર્યો હતો. અહીં તેમણે ચંદ્રાયાન-૩ અભિયાનમાં થઈ રહેલી પ્રગતિ અને પ્રાપ્ત સંશોધનાત્મક તારણો વિશે ટૂંકમાં જાણકારી પણ મેળવી હતી. પ્રધાનમંત્રીએ વૈજ્ઞાનિકોને સંબોધન કરતાં બેંગાલુરુમાં ISRO ટેલીમેટ્રી ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક(ISTRAC) ખાતે ઉપસ્થિત હોવાની અતિ ખુશી વ્યક્તિ કરીહતી અને જણાવ્યું હતું કે, આ પ્રકારનો પ્રસંગ અતિ દુર્લભ છે, જયારે વૈજ્ઞાનિક સંસ્થા અને વૈજ્ઞાનિકો આ પ્રકારની ખુશી ધરાવે છે. જયારે ઉતાવળ કે અધિરાઈ હાવી થઈ જાય છે, ત્યારે દરેકનાં જીવનમાં થોડી વિશેષ ક્ષણોનો સંદર્ભ ટાંકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, દક્ષિણ આફ્રિકા અને ગ્રીસમાં તેમના પ્રવાસ દરમિયાન તેમણે આવીજ લાગણી અનુભવીહતી. તેમણે જણાવ્યું હતું કે, તેમનું ધ્યાન ચંદ્રાયાન ૩ અભિયાન પર સતત કેન્દ્રિત હતું. ISTRACની તેમની ત્વરિત મુલાકાતની યોજનાથી ISROના વૈજ્ઞાનિકોને પડેલી અસુવિધાને ધ્યાનમાં લઈને લાગણીસભર થઈ ગયેલા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેઓ મુલાકાત લેવા આતુર હતા અને વૈજ્ઞાનિકોને તેમની ખંત, સમર્પિતતા, સાહસ, સમર્પણ અને ધૈર્ય માટે બિરદાવવાઈચ્છતાં હતાં. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ કોઈસાધારણ સફળતા નથી. તેમણે કહ્યું હતુંકે, આ ઉપલબ્ધિએ અનંત અવકાશમાં ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાના યુગનો પ્રારંભ કર્યો છે. આ પ્રસંગે અતિ ખુશ પ્રધાનમંત્રીએ પ્રશંસનીય શબ્દોમાં કહ્યું હતું કે, "ભારતચંદ્ર પર છે. આપણે ચંદ્ર પર આપણા રાષ્ટ્રીય ગૌરવને સ્થાપિત કર્યું છે." આને અસાધારણ સફળતા ગણાવીને પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતુંકે, "આ આજનું ભારત છે, જે નિર્ભય છે અને પોતાના ઉદ્દેશો પાર પાડવા અવિરત પ્રયાસો કરી રહ્યું છે. આ એક એવું ભારત છે, જે નવું વિચારે છે અને નવી રીતે વિચારે છે, જે અંધકારમાંથી પસાર થઈને દુનિયામાં પ્રકાશ પાથરી રહ્યો છે. આજનું ભારત ૨૧મી સદીની દુનિયાની મોટી સમસ્યાઓનું સમાધાન પ્રદાન કરશે." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ચંદ્રાયાનનું ચંદ્ર પર ઉતરવાની ઐતિહાસિક ક્ષણ દેશવાસીઓના મન પર હંમેશા માટે અંકિત થઈ ગઈ છે. તેમણે કહ્યું હતું કે, "ચંદ્રાયાનનુંચંદ્ર પર ઉતરાણ કરવી ક્ષણ આ સદીની સૌથી વધુ પ્રેરક ક્ષણો પૈકીની એક છે. દરેક ભારતીયએ એને પોતાની વિજયી ક્ષણગણી હતી." પ્રધાનમંત્રીએ આ ભવ્ય સફળતાનો શ્રેય વૈજ્ઞાનિકોને આપ્યો હતો. પ્રધાનમંત્રીએ મૂન લેન્ડરના મજબૂત રીતે ચંદ્ર પર સ્થાપિત થવાના ફોટોગ્રાફ વિશે કહ્યું હતું કે, "આપણાં 'મૂન લેન્ડર'એ અંગદની જેમ ચંદ્ર પર પોતાનો પગ દ્રઢતાપૂર્વકજમાવી દીધોછેપ જેની એક તરફ વિક્રમનું સાહસ છે, તો બીજી તરફ પ્રજ્ઞાનની બહાદુરી છે." તેમણે જણાવ્યું હતું કે, આ ચંદ્રના ભાગની એવી તસવીરો છે, જે દુનિયાને અગાઉ ક્યારેય મળી નહોતી અને આ કામ ભારતે કરી દેખાડ્યું છે. શ્રી મોદીએ કહ્યું હતું કે, "સમગ્રવિશ્વભારતની વૈજ્ઞાનિક ક્ષમતા, જુસ્સા, ટેકનોલોજી અને શક્તિને બિરદાવી રહ્યું છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ચંદ્રાયાન ૩ની સફળતા એકલા ભારતની નથી, પરંતુ આ સફળતા સમગ્ર માનવજાતની છે." તેમણે ભાર મૂક્યો હતો કે, અભિયાનનું સંશોધન દરેક દેશનાં ચંદ્ર અભિયાનો માટે સંભવિતતાના નવા દ્વાર ખોલશે. તેમણે જણાવ્યુંહતું કે, આ અભિયાનથી ચંદ્રના રહસ્યો ખુલવાની સાથે પૃથ્વી પરના પડકારોનું સમાધાન કરવામાં પણ મદદ મળશે. પ્રધાનમંત્રીએ ચંદ્રાયાન ૩ સાથે સંકળાયેલા દરેક વૈજ્ઞાનિક, ટેકનિશિયન, ઈજનેર અને તમામ સભ્યોને એકવાર ફરી અભિનંદન આપ્યાં હતાં. પ્રધાનમંત્રીએ જાહેરાત કરીહતી કે, "જે ક્ષણે ચંદ્રાયાન-૩નામૂન લેન્ડરે ઉતરાણ કર્યું હતું એ હવે 'શિવ શક્તિ' તરીકે ઓળખાશે. "શિવમાં માનવજાતના કલ્યાણનો સંકલ્પ છે અને શક્તિ આપણને એ સંકલ્પો પૂર પાડવા માટેની ક્ષમતા આપે છે. ચંદ્રનો આ શિવ શક્તિ પોઈન્ટ હિમાલયથી કન્યાકુમારી સાથેના જોડાણની ભાવના પણ આપે છે." પ્રધાનમંત્રીએ વિજ્ઞાનનાં સંશોધનનું હાર્દ માનવજાતનું કલ્યાણ છે એ વાત પર ભાર મૂકીને જણાવ્યું હતું કે, આ પવિત્ર સંકલ્પનો માટે શક્તિનાં આશીર્વાદની જરૂર છે અને એ શક્તિ છે – આપણી નારીશક્તિ. તેમણે ચંદ્રાયાન-૩ ચંદ્ર અભિયાનની સફળતામાં આપણી મહિલા વૈજ્ઞાનિકો, દેશની નારીશક્તિએ મોટી ભૂમિકા ભજવી છે એ વાત પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "ચંદ્રનો શિવ શક્તિ પોઈન્ટ ભારતની આ વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક વિચારસરણીનો સાક્ષી બનશે." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ચંદ્રાયાન-૨ એની નિશાનીઓ છોડશે એ પોઈન્ટ હવે 'તિરંગા' તરીકે ઓળખાશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ પોઈન્ટ ભારતના દરેક પ્રયાસ માટે એક પ્રેરણા તરીકે કામ કરશે અને આપણને યાદ અપાવશે કે નિષ્ફળતા એ અંત નથી. તેમણે કહ્યું હતું કે, "જયાં દ્રઢ ઈચ્છાશક્તિ છે, ત્યાં સફળતા અચૂક મળે છે." ભારત ચંદ્રની જમીન પર સફળતાપૂર્વક ઉતરનાર દુનિયાને ફક્ત ચોથો દેશ છે એ વાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જયારે આપણે ભારતનાં અંતરિક્ષ કાર્યક્રમની નાનાં પાયે થયેલી શરૂઆતનો વિચાર કરીએ છીએ, ત્યારે આ સીમાચિહ્ન અતિ મોટું લાગે છે. તેમણે એ સમયને યાદ કર્યો હતો, જયારે ભારત ત્રીજા વિશ્વનો દેશ ગણાતો હતો તથા પર્યાપ્ત ટેકનોલોજી અને ટેકો ધરાવતો નહોતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે ભારત દુનિયામાં પાંચમું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતોદેશ બની ગયો છે અને હવે વૃક્ષો હોય કે ટેકનોલોજી હોય તેમાં ભારત પ્રથમ દુનિયાનાં રાષ્ટ્રોમાં સામેલ છે. પ્રધાનમંત્રીએ ISROનાં પ્રદાનની પ્રશંસા કરીને કહ્યું હતું કે, "આપણી 'ત્રીજી હરોળ'માંથી 'પ્રથમ હરોળ'માં પહોંચવાની સફરમાં, institutions like our 'ISRO' જેવી સંસ્થાઓએ મોટી ભૂમિકા ભજવી છે. આ સંસ્થાઓ અત્યારે ચંદ્રપર મેક ઇન ઇન્ડિયાને લઈ ગઈ છે." પ્રધાનમંત્રીએ આ પ્રસંગે દેશવાસીઓને ISROની મહેનત વિશે વાકેફ કરવાની તક ઝડપી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, "દક્ષિણ ભારતથી લઈને ચંદ્રનાં દક્ષિણ છેડા સુધી આ સરળ સફર નહોતી." તેમણે જાણકારી આપી હતીકે, ISRO એ એની સંશોધન સુવિધામાં કૃત્રિમ ચંદ્ર પણ તૈયાર કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ પ્રકારનાં અંતરિક્ષ અભિયાનોની સફળતાને ભારતની યુવાપેઢી વચ્ચે નવીનતા અને વિજ્ઞાન માટે ઉત્સાહ પ્રકટાવવાનો શ્રેય આપ્યો હતો. શ્રી મોદીએ કહ્યું હતું કે, "મંગલયાન અને ચંદ્રાયાનની સફળતા તથા ગગનયાન માટેની તૈયારીએ દેશની યુવાપેઢીને નવો અભિગમ આપ્યો છે. તમારી મોટી ઉપલબ્ધિએ ભારતીયોની એક પેઢીને જાગ્રત અને ઊર્જાવંત કરી છે." તેમણે ઉમેર્યું હતું કે, અત્યારે ભારતનાં બાળકો વચ્ચે ચંદ્રાયાન નામનો પડઘો સંભળાય છે. દરેક બાળક વૈજ્ઞાનિકોમાં તેમનું ભવિષ્ય જુએ છે. પ્રધાનમંત્રીએ ચંદ્ર પર ચંદ્રાયાનના ઉતારણના દિવસ એટલે કે ૨૩ ઓગસ્ટને 'રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરીહતી. તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાનાં જુસ્સાની ઉજવણી કરશે તેમજ હમેશા માટે આપણને પ્રેરિત કરશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, અંતરિક્ષ ક્ષેત્રની મર્યાદાઓ ઉપગ્રહો અને અંતરિક્ષ સંશોધનો પૂરતી મર્યાદિત નથી, તથા એની ક્ષમતાને જીવનની સરળતા અને વહીવટની સરળતા તરીકે જોઈ શકાશે. તેમણે વહીવટ સાથે અંતરિક્ષની ઉપયોગિતા સાથે સંબંધમાં પ્રચૂર પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સ્વચ્છ ભારત અભિયાનની સાથે અંતરિયાળ વિસ્તારો શિક્ષણ, સંચાર અને આરોગ્ય લક્ષી સેવાઓ, ટેલીમેડિસિન અને ટેલીએજ્યુકેશનમાં અંતરિક્ષ ટેકનોલોજીની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે NAVIC સિસ્ટમની ભૂમિકા વિશે અને કુદરતી આફતો દરમિયાન ટેકો આપવા વિશે પણ વાત કરી હતી. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, "અંતરિક્ષ ટેકનોલોજી આપણા પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનનો પાયો પણ છે. એનાથી વિવિધ પ્રોજેક્ટના આયોજન, અમલ અને નિરીક્ષણમાં ઘણી મદદ મળી છે. અંતરિક્ષની ઉપયોગિતાનું આ ક્ષેત્ર છે, જે સમયની સાથે વધ્યું છે, જેનાં પરિણામે આપણી યુવા પેઢી માટે તકો પણ વધી છે." પ્રધાનમંત્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ વિભાગો સાથે જોડાણમાં 'વહીવટીમાં અંતરિક્ષ ટેકનોલોજી' પર રાષ્ટ્રીય હેકેથોનનું આયોજન કરવા ISROને વિનંતી કરી હતી. "મને ખાતરી છે કે, રાષ્ટ્રીય હેકેથોન આપણા વહીવટને વધારે અસરકારક બનાવશે અને દેશવાસીઓને આધુનિક સંકલ્પો પ્રદાન કરશે." પ્રધાનમંત્રીએ દેશના યુવા પેઢીને પણ એક કામગીરી સુપરત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "હું ઈચ્છું છું કે, નવી પેઢી ભારતના ગ્રંથોમાં અંતરિક્ષ વિજ્ઞાન સાથે સંબંધિત ફોર્મ્યુલાઓ કે સૂત્રોને વૈજ્ઞાનિક રીતે પુરવાર કરવા અને તેનો નવેસરથી અભ્યાસ કરવા આગળ આવે. આ આપણા વારસાની સાથે વૈજ્ઞાન માટે પણ મહત્વપૂર્ણ છે. આ રીતે અત્યારે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓનાં વિદ્યાર્થીઓ માટે બમણી જવાબદારી છે. ભારત જે વૈજ્ઞાનિક જાણકારીનો ખજાનો ધરાવે છે એ ગુલામીના લાંબા સમયગાળા દરમિયાન દબાઈ ગયો હતો, છૂપાઈ ગયો હતો. હાલ આઝાદી કા અમૃત કાલમાં આપણે આ ખજાનાનો ચકાસવો પડશે, સંશોધન કરવું પડશે અને દુનિયાને એના વિશે જાણકારી આપવી પડશે." પ્રધાનમંત્રીએ નિષ્ણાતોના અંદાજનો સંદર્ભ ટાંકીને જણાવ્યું હતું કે, ભારતનો અંતરિક્ષ ઉદ્યોગ આગામી થોડાં વર્ષોમાં ૮ અબજ ડોલરથી વધીને ૧૬ અબજ ડોલરને આંબી જશે. જયારે સરકાર અંતરિક્ષ ક્ષેત્રનું ઉદારીકરણ કરવા માટે સતત સુધારા કરી રહી છે, ત્યારે દેશની યુવાપેઢીએ છેલ્લાં ચાર વર્ષ દરમિયાન અવિરત પ્રયાસો કર્યા છે, જેનાં પરિણામે અંતરિક્ષ સાથે સંબંધિત સ્ટાર્ટઅપની સંખ્યા ૪થી વધીને ૧૫૦ થઈ છે. પ્રધાનમંત્રીએ સમગ્ર દેશનાં વિદ્યાર્થીઓને ૧ સપ્ટેમ્બર થી માયગવ દ્વારા આયોજિત ચંદ્રાયાન અભિયાન પર એક વિશાળ ક્વિઝ સ્પર્ધામાં સહભાગી થવા પણ અપીલ કરી હતી. ૨૧મી સદીના આ ગાળામાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં મોખરે રહેવાના મહત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત દુનિયામાં મોટી સંખ્યામાં યુવા પ્રતિભાઓ ધરાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "દરિયાની ઊંડાઈથી લઈને આકાશની ઊંચાઈ સુધી, અંતરિક્ષની ઊંડાઈ સુધી, યુવા પેઢી માટે કરવા જેવા અનેક કામો છે." આ માટે તેમણે 'ડીપ અર્થ'થી લઈને 'ડીપસી' સુધી બહોળી તકો વિશે વાત કરી હતી તથા અદ્યતન કમ્પ્યુટરથી લઈને જેનેટિક ઈજનેરીનાં ક્ષેત્ર પર પ્રકાશ ફેંક્યો હતો. "ભારતમાં તમારા માટે સતત નવી તકો ઊભી થઈ રહી છે." પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, ભવિષ્યની પેઢીઓ માટે માર્ગદર્શન એક આવશ્યકતા છે અને આ પેઢીઓ પર વર્તમાન મહત્વપૂર્ણ અભિયાનોને ભવિષ્યમાં આગળ વધારવાની જવાબદારી છે. તેમણે કહ્યું હતું કે, વૈજ્ઞાનિકો અને તેમના સંશોધનો ભવિષ્યની પેઢીઓનાં આદર્શો છે તથા વૈજ્ઞાનિકોની વર્ષોની મહેનતે પુરવાર કર્યું છે કે, જો તમે કોઈ પણ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો, તો એને સાકાર કરી શકાશે. પ્રધાનમંત્રીએ તેમના સંબોધનનાં સમાપનમાં કહ્યું હતું કે, દેશનાં લોકોને વૈજ્ઞાનિકોમાં વિશ્વાસ છે અને જ્યારે લોકોના આશીર્વાદ પ્રાપ્ત થયા છે, ત્યારે દેશ તરફ પ્રદર્શિત સમર્પણ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ભારત આંતરરાષ્ટ્રી સ્તરે લીડર બનશે. શ્રી મોદીએ કહ્યું હતું કે, "આપણો નવીનતાનો આ જ જુસ્સો ૨૦૪૭માં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરશે."

મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ મતદાતા જાગૃતિ અભિયાન અન્વયે પ્રચાર રથનું પ્રસ્થાન કરાવ્યું

કમલમ્ ન્યુઝ,રાજકોટ

સમગ્ર ગુજરાતમાં ૨૫ઓગસ્ટથી શરૂ થયેલા "મતદાતા ચેતના અભિયાન" અંતર્ગત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ મતદાન જાગૃતિના હેતુસર પ્રચાર રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. અને તેમના મતવિસ્તાર વિધાનસભા ૭૧ રાજકોટ ગ્રામ્ય ખાતે મતદાતા જાગૃતિ અભિયાનમાં જોડાયા હતા. મંત્રીશ્રીએ વાવડી વિસ્તારમાં આવેલ શિવમપાર્ક, સત્યમ હિલ્સ રેસીડન્સી, વૃંદાવન સિટી, આસોપાલવ સોસાયટી વગેરે ખાતે યોજાયેલા મતદાતા જાગૃતિ કાર્યક્રમોમાં જોડાઈને મતદારો સાથે સંવાદ કર્યો હતો. અને ઉપસ્થિતોને મતદાતા અભિયાનમાં સહભાગી થવા, મતદારોને મત્તાધિકારનું મહત્વ સમજાવવા, નવા મતદારોને જોડવા, મતદાર યાદીમાં નામમાં સુધારો કરવા, મતદાર યાદીની ચકાસણી કરવામાટે આગેવાનોએ પ્રજા સુધી જઈને નવા મતદાતાઓ રાષ્ટ્રના નિર્માણમાં જોડાય, તે બાબતે માર્ગદર્શન આપ્યુ હતું. મંત્રીશ્રીએ મતદાર યાદીમાં નામ ઉમેરવા, સુધારા કરવા માટેના અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી તેમજ લોકોને મતદાનની પવિત્ર ફરજ અદા કરવા અનુરોધ કર્યો હતો. ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરતા યુવાનોને મતદાર યાદીમાં ખાસ નામનોંધણી કરવા જણાવ્યું હતું તેમજ આ અંગે કોઈ પ્રશ્ન હોય તો જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રી ભાનુબેન સાથે આ કાર્યક્રમમાં મેયર ડો. પ્રદિપ ડવ, પૂર્વ ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠિયા, અગ્રણીઓશ્રી મુકેશભાઈ દોશી, વિરેન્દ્રસિંહ ઝાલા, ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારના કોર્પોરેટરશ્રીઓ તથા સ્થાનિકો તથા અન્ય કાર્યકરો સામેલ થયા હતા.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના MBA પ્રોગ્રામ દ્વારા "ટ્રેન્ડ્સ ઇન બિઝનેસ રીસર્ચ" વિષય ઉપર સેમીનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,

વિસનગરમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના સ્ન્ન્ક પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ વિષયને લગતા સંશોધનનું મહત્વ સમજાવી આ વિષય ઉપર કેવી રીતે વર્લ્ડ ક્લાસ રીસર્ચ કરી શકાય ? આ હેતુ સાથે એક સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ સેમીનારમાં એમબીએ તથા ઈન્ટીગ્રેટેડ એમબીએ ના ૯૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધોહતો અને બિઝનેસ રીસર્ચના વિવિધ પાસાઓ વિશે ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી. આ સેમીનારના એક્સપર્ટ ડૉ આશિષ બી જોશી પોતે ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, પંડિત દીનદયાલ પેટ્રોલીયમ યુનીવર્સીટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે અને રિસર્ચનો બહોળો અનુભવ ધરાવે છે. તેમના રીસર્ચ પેપર્સ નેશનલ અને ઈન્ટરનેશનલ જરનલમા પબ્લીશ થયા છે. આ સેમિનારના વક્તા અને એક્સપર્ટ ડૉ આશિષ બી જોશીએ ઝીણવટપૂર્વક વિદ્યાર્થીઓને રીસર્ચ વિશે સમજણ આપી હતી. આ સેમિનાર માત્ર થીયરી સુધી સીમિત ન રહેતા એક્સપર્ટ દ્વારા વિશેષ ઉદાહરણો પૂરા પાડીને ખૂબ જ રસપ્રદ રીતે વિવિધ બાબતો વિદ્યાર્થીઓ સમક્ષ મૂકી હતી. ઉલ્લેખનીય છે કે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં છેલ્લા ૨૨ વર્ષથી સ્ન્ન્ક પ્રોગ્રામ કાર્યરત છે. કારકિર્દી માટે શ્રેષ્ઠ એવી આ ડિગ્રીમાં ફાઈનાન્સ, માર્કેટીંગ અને હ્યુમન રિસોર્સ જેવા સ્પેશ્યલાઈઝેશન આપવામાં આવે છે. આ સંસ્થામાં સ્નાતક બાદ MBA અને બારમાં ધોરણ બાદ I-MBA પ્રોગ્રામ ચલાવવામાં આવે છે અને મહત્તમ પ્લેસમેન્ટ માટે છેલ્લા બે વર્ષથી આ પ્રોગ્રામ દ્વારા રેકોર્ડ સ્થાપવામાં આવ્યો છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ તથા પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણીએ આ પ્રોગ્રામનું સફળ આયોજન કરવા માટે વિશેષ માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. ડીન ઓફ ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ ડૉ. જે. કે. શર્માએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને આવનાર ભવિષ્યમાં રીસર્ચના કાર્યો વિષે રોડમેપ સમજાવ્યો હતો. ડાયરેક્ટર ઓફ ટેકનીકલ કોર્સ અને સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગના પ્રિન્સિપાલ શ્રી ડૉ. એચ. એન શાહે સફળ આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી.

તંત્રી સ્થાનેથી......

પરિવારમાં સ્ત્રીઓએકસાથે અનેક ભૂમિકા ભજવે છે. તેવી રીતે આધુનિક યુગમાં મહિલાઓએ સ્વસ્થ સમાજના નિર્માણ માટે આગળ આવવું ખૂબ જ જરૂરી છે. રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ ત્યારે જ શક્યબને છે, જયારેમહિલાઓને સમાન અધિકાર મળેછે. મહિલાઓને પુરુષોસમાન અધિકાર અને હકો મળે, તે માટે જાગૃતિ ફેલાવવી આવશ્યક છે. આથી, દર વર્ષેતા. ૨૬ ઓગસ્ટના રોજ 'મહિલા સમાનતા દિવસ'ની ઉજવણી કરાય છે. વર્ષ ૧૮૪૮માં સેનેકા ફોલ્સ, ન્યુયોર્કમાં નાબુદીવાદીઓનો સમૂહ એકત્ર થયો હતો, જેમણે મહિલાઓની સમસ્યાઓ અને તેમના અધિકાર વિશેચર્ચા કરીહતી. મહિલાઓના આ સમૂહમાંકેટલાક પુરુષો પણ સામેલ હતા. તેઓએ નક્કી કર્યું કે અમેરિકાની મહિલાઓ પણ રાજકીય ઓળખની હકદાર છે. કેટલાક વર્ષો બાદ આ આંદોલનો ઉગ્ર બન્યા પરતું સમય જતા ગુલામી વિરોધી આંદોલનોના કારણે મહિલા અધિકારોના આંદોલનોની ગતિમાં નોંધપાત્ર ઘટાડો થયો પરંતુ વર્ષ ૧૮૯૦ના દાયકા દરમિયાન એલિઝાબેથ કેડીસ્ટેન્ટોનની અધ્યક્ષતામાં નેશનલઅમેરિકન વુમનસફરેજ (મતાધિકાર) એસોસિએશનની શરૂઆત થઈ. દાયકાના અંત પહેલા ઈડાહો અને યૂટાએ મહિલાઓને મત આપવાનોઅધિકાર આપ્યોહતો ત્યારબાદ આ લોકજાગૃતિસમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ હતી. જેના પરિણામસ્વરૂપ ૨૬ ઓગસ્ટ, ૧૯૨૦ના રોજ સંયુક્ત રાજ્ય અમેરિકાના બંધારણમાં ૧૯માં સુધારો સ્વીકારવામાં આવ્યો હતો. ભારતીય બંધારણ સાર્વભૌમત્વ, સમાજવાદ અને બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોને વરેલું છે. ભારતીય બંધારણે દેશના દરેક નાગરિકને સમાન હક્ક આપ્?યા છે. જાતીય સમાનતાનો સિદ્ધાંત મહિલાઓને સમાન હક આપવાની તરફેણ કરે છે. ગુજરાતે મહિલાઓને સુશિક્ષિત, સુરક્ષિતઅને જાગૃત્ત બનાવવા જેન્?ડર ઈક?વાલિટી પોલીસી (જી.ઈ.પી.) ઘડી છે. ગુજરાત સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ સાથે રાખવામાંઆવતાં ભેદભાવ દૂર કરવાનું અને તે મુદ્દે સંવેદનશીલતાકેળવવાનું મહત્વનું કાર્ય કરે છે. મહિલાઅને બાળ કલ્યાણ વિભાગઅંતર્ગત મહિલા અને બાળકોના કલ્યાણ, સશક્તિકરણ અને ઉદ્ધાર માટે વિવિધયોજનાઓ કાર્યરત છે. આ વિભાગ મહિલાઓને વિવિધ યોજનાઓમાંજોડીને તેમનેસમાજના મુખ્?ય પ્રવાહમાં ભેળવવાનું કામ કરે છે. મહિલાઓમાટે જાતીય સમાનતા ઉભી કરવાની મહત્?વની જવાબદારીઆ વિભાગનિભાવે છે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા "મતદાતા ચેતના અભિયાન" સુરત સચિન ખાતે આદરણીય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબ દ્વારા પ્રારંભ કરાવાયો

કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા સુરત લોકસભા વિસ્તારમાં ત્રણ વિધાનસભામાં આ અભિયાનની શરૂઆત કરાવી.

કમલમ્ ન્યુઝ,

લોકતંત્રના મહાપર્વમાં નવા મતદારો મહત્તમ થી મહત્તમ સંખ્યામાં જોડાઈ રહે તે હેતુ સર ગુજરાત અને દેશભરમાં ભારતીય જનતાપાર્ટી દ્વારા "મતદાતા ચેતના અભિયાન"નોઆજરોજ ચોર્યાસી વિધાનસભામાંસમાવિષ્ટ બુથ નંબર ૮૬ માં હાજર રહી આદરણીય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબ દ્વારા આજરોજ આ અભિયાનની વિધિવત શરૂઆત કરાવી. પ્રારંભીક પ્રસંગે ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલ સાહેબ દ્વારા મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું હતું કે,નવા મતદાતાઓને જોડવા માટે,તેમજ મતદાતાઓ માં જનજાગૃતિ માટે દેશ અને ગુજરાતમાં "મતદાતા ચેતના અભિયાન"ની આજથી શરૂવાત કરવામાં આવી છે. દેશના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર એક રેકોર્ડ કર્યો છે.જે બદલ વૈજ્ઞાનિકો અને પ્રધાનમંત્રી ને અભિનંદન પાઠવીએ છીએ. કાર્યકર્તાઓ એક ટીમ બનીને કાર્ય કરી રહ્યા છે તે ખૂબ આનંદની વાત છે.જે કોઈપણ મતદાતાની ઉંમર ૧૮ વર્ષપૂર્ણ થઈ હોય તે મતદાતાનું નામ મતદારયાદીમાં ઉમેરવાની કામગીરી હાથ ધરવાની છે.૧૮ વર્ષ પૂર્ણ થતા નવા મતદારોને જોડવાના છે.વધુમાં અધ્યક્ષ શ્રી સીઆર પાટીલ સાહેબે આગામી વર્ષ ૨૦૨૪ ની લોસસભાની ચૂંટણીમાં ત્રીજી વખત સરકાર બનાવવાનોદાવોકરતાજણાવ્યું હતું કે,જે ઈમારત બનશે તે ખૂબ જ મજબૂત હશે. આ વખતે ૪૦૦ સીટો નેપાર કરવાનાછીએ.જે બુથ માઈનસ બુથ છે તેને કઈરીતે પ્લસ કરી શકાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.કેન્દ્ર તરફથી મળતી સૂચનાઓનું પાલન કરી ઝુંબેશ સારીરીતે પારપાડવામાં ભાજપના કાર્યકર્તાઓ હર હંમેશ અગ્રેસર હોય છે. આ અભિયાન ની શરૂઆત કરાવતા આદરણીય ગુજરાત સરકારમાં ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી એ કહ્યું હતું કે ૨૦૧૨ માં હું આપ તમામ સાથે પહેલુ ઈલેકશન લડ્યો હતો ત્યારે લોકો કહેતા હતા કે ડિપોઝિટ પણ જતી રહેશે પરંતુ આપ તમામ ના આશીર્વાદ થી હું વિજય થયો મારી ઉમર ના લોકો કેફે માં બેસી દેશ ની તકલીફો અંગે ચર્ચા કરે છે સરકાર માં રહેલી ખામીઓ કાઢવામાં આવે છે પરંતુ મતદાન કરવા જતા નથી તે માટે સોશિયલ મીડિયા ના માધ્યમ થી લોકો ને વિનંતીકરવી પડેછે કેમતદાન કરો મતદાન ના અધિકાર નો પૂર્ણ ઉપયોગ નથીથઈરહ્યોજેનાકારણે કેટલીક તકલીફો નોસામનો કરવો પડે છે ચંદ્રયાર્ન ૩નું લેન્ડિંગતમામ એ નિહાળ્યું છે. દેશને વિકાસની રાહ પર અગ્રેસર થવા બદલ બદલાવલાવવાતમામએ મતદાન નો ઉપયોગકરવોજરૂરી જેનામાટે મતદાર યાદી માં તમામ નું નામ હોવું જરૂરી છે આજે હું તમામ ને એજ વિનંતી કરવા આવ્યો છું

આદરણીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા મજુરા વિધાનસભા આ અભિયાન શરૂ કરાવ્યું.

કેન્દ્રીય રેલવે તથાકપડા રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા આજે મતદાતા ચેતના અભિયાન અંતર્ગત ૧૫૯-સુરત પૂર્વ વિધાનસભાના બુથનંબર ૭૫,૭૬ અને ૪૪ તથા ઓલપાડ વિધાનસભા તથાકરંજ વિધાનસભા માં આ અભિયાનની શરૂઆત કરાવતા યુવા મતદારો કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે તેમને મળી રૂબરૂ તેમના મતદાન કાર્ડ તેમને સુપ્રતકર્યા હતા સાથેજ દેશ નિર્માણ માટે જરૂરી મતદાન અને મતદાતા ની સચોટ માહિતી વિશે વાત કરી અને સૌને આ અભિયાનમાં સહભાગી બનવા આહવાનકર્યું હતુંઆદરણીય શહેર અધ્યક્ષ શ્રીનિરંજનભાઈ ઝાંઝમેરા દ્વારા કતારગામ વિધાનસભામાં આ અભિયાનની શરૂઆત કરાવી હતીઆ પ્રસંગેસુરત મહાનગરના ભારતીય જનતા પાર્ટીના વિવિધ પદાધિકારીઓ દ્વારા વિવિધ જગ્યાઓ ઉપર આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહી શરૂઆત કરાવી હતી.

The PC & PNDT Act અંતર્ગત ડાંગ જિલ્લાની ડિસ્ટ્રીકટએડવાઈઝરી કમીટીની બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,આહવા

The PC & PNDT Act-1994 અંતર્ગત શ્રીમતી સુનિતાબેન બાગુલના અધ્યક્ષ સ્થાને, ડાંગ જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટીની બેઠક, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની ચેમ્બરમા યોજવામાઆવીહતી. આ બેઠકમાં The PC & PNDT Act અંતર્ગત જિલ્લામા સંલગ્ન તમામ સંસ્થાઓની દર માસે અધિક જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા મુલાકાત લેવાય, તથા સોનોગ્રાફી મશીનનુ વેરીફિકેશનકરી ચેકલિસ્ટ ભરવામા આવે, અને તે દર માસના અંતે જિલ્લાઆરોગ્ય અધિકારીની કચેરીમા જમા કરવામા આવે તે અંગે ચર્ચા કરવામા આવી હતી. "નારી વંદન સપ્તાહ" અંતર્ગત "બેટી બચાઓ-બેટી પઢાઓ" દિવસનીઉવજણીના ભાગરૂપે PC & PNDT Actના વર્કશોપનું આયોજન આરોગ્ય શાખા દ્વારા કરવામાં આવ્યુ હતુ. જે અંગેનો સપુર્ણ એહવાલ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીદ્વારા તમામ કમિટી સભ્યોને જણાવવામા આવ્યો હતો.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમાશું ગામીત દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં સુબીર તાલુકોએસ્પીરેશનલતરીકે જાહેર થયેલ હોઈ, આ તાલુકાની શાળાઓમાં જઈ "બેટી વચાઓ-બેટી પઢાઓ" પ્રોગ્રામ અંગેના વર્કશોપનું આયોજન, માહે સપ્ટેમ્બર માસમાં કરવા અંગેની ચર્ચા કરવામા આવી હતી. દરમિયાન District Appropriate Authority PC PNDT ACTનાખાતામાંજમા થયેલ ફિ ની રકમ માંથી, PC PNDTACT™k Implementation માટેખર્ચ કરવાસર્વે કમિટી સભ્યોએ બહાલી આપવામાં આવી હતી. આહવા ખાતે યોજાયેલી આ બેઠકમા સિવીલ હોસ્પિટલ, આહવાના બાળરોગ નિષ્ણાત ડો.દિલીપભાઈ ચૌધરી, IMA, ચેરમેનશ્રીડો એ.જી.પટેલ, આગાખાન સંસ્થા વતી શ્રીમતી નીતાબેન પટેલ, અને શ્રી હસમુખભાઈ વણકર તેમજ PC & PNDT Act પ્રોગ્રામ આસીસ્ટંટ શ્રી ઉમાકાન્તપટેલ અન કમિટિ સભ્યો ઉપસ્થિતરહ્યા હતા.

શિનોર તાલુકાનો રોજગારલક્ષી સેવાઓ અંગે કેમ્પ તેમજઓવરસીસ સેમીનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,વડોદરા,

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી ,MCC ,તરસાલી ,વડોદરા દ્વારા શિનોર તાલુકા પંચાયત ખાતે તાલુકાના ગ્રામ્ય ના યુવક યુવતીઓ માટે રોજગારલક્ષીસેવાઓની જાણકારી માટે કેમ્પ તેમજ ઓવરસીસ એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ સેમીનાર યોજવામા આવ્યો ,કેમ્પમાં રોજગાર અધિકારીઅલ્પેશ ચૌહાણ ,તાલુકા વિકાસ અધિકારીશ્રી પિનાકીનીબેન ભગોરા ,તેમજ ઓવરસીસ કાઉન્સેલરશ્રી નિશાંત જોષી તેમજ યંગ પ્રોફેશનલશ્રી આસુતોષ પટેલ દ્વારા અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in અને એનસીએસ પોર્ટલ www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન ફોર્મ ભરવામા આવ્યા તેમજ તેનો રોજગારી મેળવવા કેવી રીતે ઉપયોગ કરવોતેમજ સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા ઉમેદવારોને ભરતી પુર્વેની ૩૦ દિવસની ફ્રી નિવાસી તાલીમમા જોડાવા માટે ૧૦ જેટલા અરજી ફોર્મ સ્વીકારવામા આવ્યા ,તેમજ વિદેશ રોજગાર અનેઅભ્યાસમાટે પાસપોર્ટ,વિઝ? પ્રોસેસ તેમજ સેફ લીગલ માઈગ્રેશનઅંગે માર્ગદર્શન આપવામા આવ્યુ.તેમજ સ્વરોજગાર અનેએન્ટરપ્રેન્યોર માટે ,સરકારી આઈટીઆઈ શિનોર,તેમજ મહીલા અને બાળ અધિકારીની કચેરી વડોદરા દ્વારા સરકારશ્રીની વ્યકિતગત અને જુથલક્ષીલોન સહાય યોજના અને એપ્રેન્ટીસ તાલીમ તેમજ એન્ટરપ્રેન્યોર તેમજ વોકેશનલ તાલીમ યોજના અંગે વિના મુલ્યે માર્ગદર્શન આપવામા આવ્યુ . તેમજ ઉમેદવારોના કારકિર્દીને લગતા મુંઝવતાપ્રશ્નોનાા રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ અને અન્ય વિભાગના અધિકારી દ્વારા સંતોષકારક જવાબો આપીને રોજગાર સ્વરૌજગાર માટે પ્રોત્સાહીત કરવામા આવ્યા .

તાપી એજ્યુકેશન એકેડેમી દ્વારા એન્જિનિયરિંગ તથા મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવનાર તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

તાપી એજ્યુકેશન અકેડમી દ્વારા સમગ્ર તાપી જિલ્લાના એન્જિનિયરિંગ તથા મેડિકલ ક્ષેત્ર પર પ્રવેશ મેળવનાર તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તારીખ ૨૬/૦૮/૨૦૨૩-શનિવારના રોજ યોજવામાં આવ્યો.જેમાં અતિથિવિશેષ તરીકે શ્રી. કે.બી પટેલ ઈંગ્લિશ મિડિયમ

સ્કુલના આચાર્યશ્રી વૈશાલી પરમાર તથા કેતન ભાઈ શાહ ઉપસ્થિત રહ્યાહતા. કાર્યક્રમમાંમુખ્ય વક્તા તરીકે શ્રી ગૌરવ યાદવ તથા શ્રી જયેશ ગર્ગ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિધાર્થીઓએ મેડિકલ તથા એન્જિનિયરિંગ ફિલ્ડમાં કેવી રીતે પરીક્ષાની તૈયારી કરવી તે બદલ માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

તે ઉપરાંત શાળાના ટ્રસ્ટીશ્રીઓએ વિદ્યાર્થીઓને મોમેન્ટો એનાયત કરી સન્માનિત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનીઅંતે આચાર્યશ્રી અલ્પેશ ગજેરા , અંકિત પંચોલી તથા શ્રીમતી અનિતાદેસાઈ એદરેક નો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને તેમના ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવીહતી. વધુમાં તાપી જિલ્લાના પત્રકારોએહાજરીઆપી કાર્યક્રમને સફળ બનાવ્યો.

કપરાડાના પ્રાધ્યાપિકાનું કાછલની સરકારી કૉલેજમાં વકતવ્ય યોજાયું

કમલમ્ ન્યુઝ,વલસાડ

મહુવા તાલુકાના કાછલ ગામમાં આવેલી સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કૉલેજમાં વિશ્વ ગુજરાતી ભાષા દિવસે કવિ શ્રી નર્મદ વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. જેમાં વલસાડના કપરાડા તાલુકાની મોટાપોંઢા કોલેજના પ્રા. ડૉ. આશા ગોહિલે ગુજરાતી સાહિત્યને પોતાના સાહિત્ય સર્જનથી રળિયાતકરનાર "કુન્દનિકા કાપડીઆની વાર્તાઓ"ના વક્તવ્યમાં વીર નર્મદની વાતો વણી લઈ વિદ્યાર્થીઓને રસપ્રદ વક્તવ્ય પૂરું પાડ્યુંહતું. કવિશ્રીનર્મદ વ્યાખ્યાનમાળાનોમણકો ૧ અંતર્ગત કોલેજના આચાર્ય ડૉ. હેતલબેન, ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ધનસુખભાઈ પટેલ અને પ્રા.આશાબેન ઠાકોર દ્વારા આ કાર્યક્રમ આયોજિત થયો હતો. વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી નિમિત્તે વીર નર્મદના જીવન અને સાહિત્યસર્જન વિશે વિદ્યાર્થીઓએ વાતો રજૂ કરતા કાર્યક્રમ દીપી ઊઠ્યો હતો.

વઘઈના ગીરાધોધ ખાતે ડાંગ પોલીસે યોજી 'તિરંગા યાત્રા'

કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ

દેશભરમાં યોજાઈ રહેલા 'મેરી માટી, મેરા દેશ' કાર્યક્રમના ઉપલક્ષમાં ડાંગ પોલીસ દ્વારા જિલ્લાના પ્રસિદ્ધ અને રમણીય પ્રવાસન સ્થળ એવા વઘઈના ગીરાધોધ ખાતે તિરંગા યાત્રા યોજાઈ હતી. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટિલની આગેવાનીમાં ગીરાધોધજતા માર્ગ સહિત, ધોધ સંકુલ, અને પરિસરમાં આયોજિત આ તિરંગા યાત્રાએ, સ્થાનિક પ્રજાજનો અને પ્રવાસીઓમાં કુતૂહલ સાથે અનોખી દેશભક્તિ જગાવી હતી. પોલીસ ફોર્સના આ કાર્યક્રમે પ્રજાજનોમાં જન જાગૃતિ જગાવવા સાથે 'મેરી માટી, મેરા દેશ' નો સંદેશ પણ લોકો સુધી બખૂબી પહોંચાડ્યો હતો.

"૯વર્ષ – સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ" ચિત્ર પ્રદર્શનથી લોકોને મળી વિવિધ લાભદાયી જાણકારી: પ્રાચાર્ય ડો. યોગેશભાઈ પટેલ

કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા આયોજિત ત્રણ દિવસીય પ્રદર્શનનું આજે સમાપન

કમલમ્ ન્યુઝ,

નવસારીમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કેન્દ્રીય સંચાર બ્યૂરોદ્વારા કેન્દ્ર સરકારના "૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ"ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી આપવા માટે ત્રણ દિવસીય ચિત્રપ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન અનેક લોકોએ આ પ્રદર્શન નિહાળ્યું અને ઉપયોગી માહિતી વિશે સવિસ્તાર માહિતી મેળવી. આચિત્ર પ્રદર્શનનુંતા. ૨૫ ના રોજ કલેક્ટર શ્રીઅમિતપ્રકાશ યાદવના હસ્તે કરવામાંઆવ્યું હતું. ત્રણ દિવસીય પ્રદર્શનમાં બીજા દિવસે વિવિધ શાળાઓના બાળકો અને તેમના વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કવિ નર્મદની જન્મજયંતી અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ નિમિત્તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કવિતા વાચન, નૃત્ય, લોકગીત અને કવિ નર્મદના જીવન- કવન વિશે જણાવવામાં આવ્યું હતું. જ્યારે ત્રીજા દિવસે સમાપન સમારંભના અધ્યક્ષ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. યોગેશ પટેલે જણાવ્યું હતું કે આ પ્રદર્શનથી લોકોને જરૂરી માહિતી સરળતાથી મળી છે. જેનો લાભ એમને લેવો જોઈએ. આવા કાર્યક્રમોનું વારંવાર આયોજન થવુંજોઈએ. કાર્યક્રમના મુખ્ય અતિથિ સહાયક માહિતી અધિકારી શ્રી યજ્ઞેશ ગોસાઈએ જણાવ્યું હતું કેસરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી વિવિધ યોજનાઓનો પ્રચાર પ્રસાર કરવાનો મુખ્ય હેતુતેને લોકો સુધી પહોંચાડવાનોહોય છે. આ પ્રદર્શન દ્વારા લોકોએ માહિતી મેળવી તેનો યોગ્ય લાભ લેવોજોઈએ. સમાપન સમારંભમાં ઉપસ્થિત અતિથિઓ દ્વારા પ્રદર્શનમાં સહયોગી બનવા બદલ વિવિધ વિભાગ જેમ કે નશાબંધી ખાતુ, સંકલિત બાલવિકાસ સેવાઓ, વાસ્મો, જિલ્લા ગ્રામિણ વિકાસ એજન્સી અને પોસ્ટ વિભાગના સ્ટોલ સંચાલકોને સન્માન ચિન્હ પ્રદાન કરવામાંઆવ્યા હતા. તેમજ ત્રણેય દિવસ પ્રદર્શનની મુલાકાત કરનારાને કાપડની થેલી ભેટમાં આપી પ્લાસ્ટિકનો શક્ય એટલો ઉપયોગ ટાળવા સમજાવ્યા હતા. આ કાર્યક્રમમાંમાહિતી વિભાગના સિનિયર સબ એડિટર શ્રી રાજભાઈજેઠવા, ડૈઈના અધ્યાપકો અને તાલીમાર્થીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યાહતાં. આ પ્રદર્શનને સફળ બનાવવા ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઈન્દ્રવદનસિંહ ઝાલા અને શ્રી રોશનભાઈપટેલેજહેમત ઉઠાવીહતી.

કેન્દ્ર સરકારના આદિજાતિ મંત્રાલયના સચિવ શ્રી અનિલકુમાર ઝા એ લીધી ડાંગ જિલ્લાની મુલાકાત

સચિવ શ્રી અનિલકુમાર ઝા એ સાપુતારા એકલવ્ય શાળાની મુલાકાત કરી અનુષાગિક બાબતોએ અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ

કમલમ્ ન્યુઝ,આહવા

ભારત સરકારના આદિજાતિ મંત્રાલયના સચિવ શ્રી અનિલકુમાર ઝા એ, ડાંગ જિલ્લાના પ્રવાસ દરમ્યાન સાપુતારા ખાતે આવેલ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળા, કન્યા શાક્ષરતા નિવાસી શાળા તેમજ વઘઈ ખાતેવાંસ કૌશલ્ય વર્ધન કેન્દ્ર અને કોટવાળીયા વસાહતની મુલાકાત કરી હતી. સાપુતારા એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાની મુલાકાત દરમ્યાન શાળાની ભૌતિક સુવિધાઓ, શાળાના વર્ગખંડોતેમજ વિધાર્થીઓ માટે ની અનુષાગિક સુવિધાઓ ઉપલબ્ધછે કેનહીં, તેઅંગે સચિવ શ્રી અનિલકુમાર ઝા એ ખ્યાલ મેળવી, સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખીને સુવિધાઓ ઉપલબ્ધ કરવા અંગે અધિકારી/કર્મચારીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. સાથે જ સચિવશ્રીએ સાપુતારાના ટેબલ પોઈન્ટની મુલાકાત કરી પ્રવાસી સ્થળોને પ્લાસ્ટિક ઝોન ફ્રી તરીકે જાહેર કરવાનીનેમવ્યક્ત કરીહતી. વઘઈ ખાતે આવેલ સો મીલમા સચિવશ્રીએ વાંસ કૌશલ્ય વર્ધન કેન્દ્રની મુલાકાત કરી, સ્થાનિક લોકોની રોજગારીની તાલીમ અંગેનો ખ્યાલ મેળવ્યો હતો. પ્રધાનમંત્રી વન ધન યોજના, વન ઉત્પાદનના માર્કેટીગ અને વેલ્યુ એડીશન દ્વારાઆદિજાતી ઉધ્યોગને પ્રોત્સાહન કરવામાટે સચિવશ્રીએ અધિકારીઓને માર્ગદર્શીત કર્યા હતા. સ્થાનિક લોકો વનમા રહેતા હોવાથી વન સાચવવાની જવાબદારીફક્ત વનવિભાગની જ નહિ, પણ સ્થાનિક લોકોનીપણ છે, તેમજ વન સંવર્ધન માટે વન વિભાગની સાથે લોક સહયોગ સાધવા માટે સ્થાનિક લોકોને સચિવશ્રીએ અપીલ કરી હતી. આજીવિકાલક્ષી વાંસકૌશલ્ય વર્ધન કેન્દ્ર, વઘઈમા તાલીમ મેળવનાર તાલીમાર્થીઓ સાથેતાલીમ અંગેની ચર્ચા કરી સચિવશ્રીના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા હતા. દરમ્યાન સચીવશ્રીએડુંગરડા ગ્રામ પંચાયતના કોટવાળીયા વસાહતના સ્થાનિકો સાથે વાર્તાલાપ કરી, સ્થાનિકોની સમસ્યાઓજાણી હતી. સચિવશ્રીએ કોટવાળીયા વસાહતના લોકોને વધુમા વધુ સરકારી યોજનાઓના લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપરાત શૈક્ષણિક બાબતેશિષ્યવૃતિનો લાભ મેળવી બાળકો ઉચ્ચ અભ્યાસ મેળવે તે માટે સચિવશ્રીએ સ્થાનિકોને અનુરોધ કર્યો હતો. સચિવશ્રી અનિલ કુમાર ઝાની ડાંગ મુલાકાત દરમ્યાન ગુજરાત રાજય આદિજાતી વિભાગનાઅગ્ર સચિવ શ્રી ડો. મુરલી ક્રિષ્ના, ગુજરાત સરકાર આદિજાતી વિભાગના નિયામક શ્રી સુપ્રિતસિંગ ગુલાટી, ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુ. સોસાયટીના કાર્યપાલક ઈજનેર શ્રી સંજયકુમાર વસાવા, ડાંગ જિલ્લાપ્રાયોજના વહિવટદાર શ્રી રાજ સુથાર, દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી રવિપ્રસાદ રાધાકૃષ્ણન, ડાંગ જિલ્લા આદિજાતી અધિકારી શ્રી આર.કે.કનુજા ઉપરાંત આદિજાતી અને વન વિભાગના સંબધીત અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

આણંદ ખાતે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

આણંદ, ગુજરાતના લોકોની સુખાકારી માટે તેમના પ્રશ્નો-સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થાય તે માટે રાજયમાં ૨૦૦૩ ના વર્ષથી આરંભાયેલા સ્વાગત કાર્યક્રમ હેઠળ હજારો અરજદારોના પ્રશ્નોને નિરાકરણ મળ્યુંછે. આણંદજિલ્લા કલેકટરશ્રી મિલિંદ બાપનાના અધ્યક્ષસ્થાને કલેકટરકચેરી ખાતેજિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ અરજદારોની રજૂઆતો સાંભળી જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના - માર્ગદર્શન આપ્યુ હતુ. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્નો લઈને આવેલા ૩૦ અરજદારો પૈકી ૨૫ અરજદારોનાપ્રશ્નોનું સ્થળ ઉપર જ સુખદ નિરાકરણ આવ્યુંહતુ. વધુમાં કલેકટર શ્રીએ અધિકારીઓને અરજદારોના તમામ પ્રશ્નો ઉપર હકારાત્મકતાસાથે કાર્યકરી, પ્રશ્નો-સમસ્યાઓનુંનિવારણ આવે તે રીતે કાર્ય કરવા જણાવ્યું હતુ. આ કાર્યક્રમમાં પોલીસ અધિક્ષકશ્રી પ્રવીણકુમાર, નિવાસી અધિક કલેક્ટરશ્રીઆર.એસ.દેસાઈ, પ્રાંત અધિકારીશ્રી વિમલબારોટ, આણંદ શહેરી અનેગ્રામ્ય મામલતદારશ્રી, આણંદ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ તેમજ અરજદારો ઉપસ્થિતરહ્યા હતા.

આરઆરયુ ખાતેની સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લોમાં 1st નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનનું સમાપન

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગરની આરઆરયુની સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લોએ ૨૩ મી ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન "ભારતની આર્થિક અને નાણાકીય સુરક્ષા"ના વિષય પર અત્યંત અપેક્ષિત રાષ્ટ્રીય મૂટ કોર્ટ સ્પર્ધાનું ગર્વભેર સમાપન કર્યું હતું. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં ભારતભરની વિવિધ સંસ્થાઓના ૧૨૦થી વધુ સહભાગીઓ ધરાવતી ૪૧ ટીમોને એકત્ર કરવામાં આવી હતી, જેમાં તેમની કાનૂની કુશળતા અને હિમાયતની કુશળતાનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. રાષ્ટ્રીય મૂટ કોર્ટ સ્પર્ધાએ કાયદાના વિદ્યાર્થીઓ માટે તેમની કાનૂની કુશળતા અને કોર્ટરૂમની કુશળતા દર્શાવવા માટે એક મંચ તરીકે સેવા આપી હતી. સહભાગીઓ મૌખિક દલીલો રજૂ કરીને અને જટિલ કાનૂની મુદ્દાઓનું વિશ્લેષણ કરીને કોર્ટની કાર્યવાહીમાં રોકાયેલા હતા.૧૨૦સહભાગીઓમાંથી, તે નોંધપાત્ર છે કે ૬૫ (૫૦ ટકાથી વધુ) મહિલાઓ છે, જે કાયદાના ક્ષેત્રમાં મહિલાઓના વધતા જતા પ્રતિનિધિત્વને પ્રકાશિત કરે છે. આરઆરયુ ખાતેની સ્કૂલ ઓફ નેશનલ સિક્યોરિટી એન્ડ લો કાનૂની વ્યવસાયમાં લિંગ વૈવિધ્યતા અને સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે, અને આ ઘટના તે પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે સેવા આપે છે. નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનમાં સન્માનનીય ન્યાયાધીશો અને કાનૂની વ્યાવસાયિકોને દર્શાવવામાં આવ્યા હતા, જેમણે સહભાગીઓના કાયદાવિશેના તેમના જ્ઞાન, પ્રસ્તુતિ કૌશલ્ય અને સમજાવટભરી દલીલો રજૂ કરવાની ક્ષમતાના આધારે તેમની કામગીરીનું મૂલ્યાંકન કર્યું હતું. આ યાદગાર ઉદઘાટન સમારંભમાં ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ આદરણીય સુશ્રી જસ્ટીસ સોનિયા ગોકાણી ઉપસ્થિત રહ્યા હતા, જેમની ઉપસ્થિતિથી ભાગ લેનારાઓને મજબૂત પ્રોત્સાહન મળ્યું હતું અને તેમને કાનૂની પ્રતિભા માટે ઝઝૂમવા પ્રેર્યા હતા. તેમણે તેમના વિશેષ પ્રવચનમાં વૈજ્ઞાનિક સ્વભાવના મહત્વ વિશે ઉલ્લેખ કર્યો હતો કે "એક વખત, જ્યારે મેં કાયદા માટે જવાનું પસંદ કર્યું ત્યારે વિજ્ઞાનના વિદ્યાર્થી હોવાને કારણે, જે વ્યક્તિ આ ક્ષેત્રમાં પીઢ હતી તેણે મને કહ્યું કે આ એક ઉત્તમ સંયોજન બનશે. તમારી પાસે વૈજ્ઞાનિક સ્વભાવ અને વૈજ્ઞાનિક વલણ હોવું જોઈએ. તમે કાયદાનું ખૂબ જ સુંદર રીતે વિચ્છેદન કરી શકો છો". આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર (ડૉ)બિમલ એન. પટેલ, પ્રો-વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડૉ.) કલ્પેશ એચ.વાન્દ્રા, રજિસ્ટ્રાર શ્રી સુશીલ ગોસ્વામી અને સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લોના ડિરેક્ટર ડો. ડિમ્પલ ટી.રાવલ સહિતના મુખ્ય વ્યક્તિઓની વિશિષ્ટ હાજરીથી આ કાર્યક્રમને વધુ શણગારવામાં આવ્યો હતો. આરઆરયુના વાઈસ ચાન્સેલર પ્રોફેસર.(ડૉ.) બિમલ એન. પટેલે તેમના ઉદ્‌ઘાટન પ્રવચન દરમિયાન ટિપ્પણી કરી હતી કે, "આ મૂટ કોર્ટ સ્પર્ધા દ્વારા, આર.આર.યુ.નો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાના આર્થિક પરિમાણમાં જિજ્ઞાસા અને સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે, જ્યારે યુવા કાનૂની માનસને આર્થિક ગુનાઓ અને નાણાકીય છેતરપિંડીઓ સાથે સંકળાયેલી બાબતોમાં અસરકારક રીતે શોધખોળ કરવા માટે સજ્જ કરવાનો છે." આ ઈવેન્ટ ત્રણ દિવસ સુધી ચાલી હતી, જેમાં પ્રથમ દિવસે પ્રારંભિક રાઉન્ડનો સમાવેશ થાય છે, ત્યારબાદ બીજા દિવસે ઓક્ટા-ફાઈનલ, ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલ રાઉન્ડનો સમાવેશ થાય છે. પરાકાષ્ઠાએ ત્રીજા દિવસે ખૂબ જ અપેક્ષિત અંતિમ રાઉન્ડ હતો, જેનું આયોજન મૂટ કોર્ટ ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. વિજેતાઓને રોકડ ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા: પ્રથમ આરઆરયુ નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનના સમાપન સમારંભમાં ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ માનનીય શ્રી જસ્ટિસ બી.એન.કારિયા અને શ્રી માનનીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અશ્વની ભાટિયા, સેબીના પૂર્ણકાલીન સભ્ય, પ્રોફેસર (ડો) બિમલ. એન.પટેલ, ઉપકુલપતિ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, પ્રો-વાઈસ ચાન્સેલર, પ્રોફેસર (ડો) કલ્પેશ. એચ.વાન્દ્રા. સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લોના ડાયરેક્ટર ડો ડિમ્પલ ટી. રાવલે આ સભાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. અતિથિ વિશેષ શ્રી. સેબીના પૂર્ણકાલીન સભ્ય અશ્વની ભાટિયાએ ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું અને નાણાકીય અને આર્થિક સુરક્ષાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારતીયો અને યુવાનો તરીકે દેશની વિકાસગાથામાં લાંબા ગાળાનાં રોકાણકાર બનવા પર ભાર મૂક્યો હતો. મુખ્ય અતિથિ આદરણીય શ્રી જસ્ટિસ બી. એન. કારિયાએ ઉપસ્થિત લોકોને સંબોધન કર્યુ હતું, કાનૂની વ્યવસાયના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને તેમના ડહાપણના શબ્દોથી યુવાન માનસને પ્રેરણા આપી હતી. ઘટનાસભર ત્રણ દિવસના સઘન વક્તવ્ય બાદ વિજેતાઓનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તરફથી વિજેતા ટીમ એસ.વી.કે.એમ. ની પ્રવિણ ગાંધી કોલેજ ઓફ લો પ્રથમ આરઆરયુ નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનની ચેમ્પિયનશિપ ટ્રોફી ગર્વભેર ઉપાડીને રૂ. ૫૧,૦૦૦નું રોકડ ઈનામ મેળવ્યું હતું. રનર-અપ ટ્રોફી અને રૂ. ૩૧,૦૦૦ નું રોકડ ઈનામ રજૂ કરતી ટીમે દાવો કર્યો હતો મહારાષ્ટ્ર નેશનલ લો યુનિવર્સિટી મુંબઈ. શ્રેષ્ઠ વક્તા, સંશોધક અને શ્રેષ્ઠ સ્મારકના શીર્ષકો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા શ્રીમતી બ્લેસી બેબ્બી પીટર (ક્રાઈસ્ટ (ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી), બેંગ્લોર સેન્ટ્રલ કેમ્પસ), કુ. શ્રેયા માદાન (સિમ્બાયોસિસ લૉ સ્કૂલ, પુણે), મહારાષ્ટ્ર નેશનલ લૉ યુનિવર્સિટી મુંબઈ અનુક્રમે દરેકને રૂ. ૧૦,૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યુ હતું. મુટ કોર્ટ કમિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર અને ફેકલ્ટી કન્વીનર શ્રી ગન્તવ ગુપ્તા દ્વારા આપવામાં આવેલા આભાર મત સાથે પ્રથમ આરઆરયુ નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનના સમાપન તરફ પડદો પડી ગયો હતો.

સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લો વિશે: આરઆરયુ ખાતેની સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લો એક અગ્રણી સંસ્થા છે જે રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદાના ક્ષેત્રોમાં વિસ્તૃત શિક્ષણ અને તાલીમ પૂરી પાડવા માટે સમર્પિત છે. વિવેચનાત્મક વિચારસરણી, નૈતિક નિર્ણય લેવાની પ્રક્રિયા અને વ્યવહારિક કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, શાળા વિદ્યાર્થીઓને કાનૂની અને સુરક્ષા ક્ષેત્રોમાં સફળ કારકિર્દી માટે તૈયાર કરે છે

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વિશે: રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલય ભારતની એક અગ્રણી સંસ્થા છે, જે રાષ્ટ્રીય સુરક્ષા અને રક્ષાના અભ્યાસ માટે સમર્પિત છે. ૨૦૨૦માં સ્થપાયેલી, યુનિવર્સિટી રાષ્ટ્રીય સુરક્ષાને લગતી વિવિધ શાખાઓમાં અંડરગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને ડોક્ટરલ પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે. તેની અત્યાધુનિક સુવિધાઓ અને અનુભવી ફેકલ્ટી સાથે, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનો ઉદ્દેશ રાષ્ટ્રના હિતોની સુરક્ષા માટે સક્ષમ વ્યાવસાયિકો તૈયાર કરવાનો છે.

ડાંગ જિલ્લામા સખી મંડળની બહેનો દ્વારા રાખી મેળો શરૂ કરાયો

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની, ગાંધીનગર પુરસ્કૃત રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ડાંગ જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબીયારના હસ્તે આહવા ખાતે રાખી મેળો ખુલ્લો મુકાયો હતો. આહવા ખાતે જુની કોર્ટની સામે શરૂ થયેલ રાખી મેળામા સખી મંડળની બહેનો દ્વારા રાખડી, બહેનોના શૃંગારની ચીજવસ્તુઓ તેમજ રાગીની બનાવટોનુ વેચાણ કરવામા આવશે. સખીમંડળની બહેનોને રોજગારી મળી રહે તે માટે તા.૨૯ મી ઓગસ્ટ સુધી આયોજિત આ રાખી મેળામાં, સખી મંડળના કુલ ૫ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. ઉપરાંત આરસેટી, આહવા દ્વારા રાખડીની તાલીમ આપવામા આવેલ સખી મંડળોના સ્ટોલને પણ સામેલ કરવામાં આવ્યા છે.? આહવા ખાતે યોજાયેલ રાખી મેળામાં શીવકૃપા મિશન મંગલમ-આંબાપાડા, સહેલી બચત જુથ-ચીચીનાગાંવઠા, આત્માનિર્ભર સખી મંડળ-આહવા, શ્રીજી સખી મંડળ-આહવા, હેત સખી મંડળ-ગાઢવી અને મહિમા સખી મંડળ-આહવા દ્વારા રાખડી તેમજ અન્ય ચીજવસ્તુઓનું વેચાણ કરાશે. રાખી મેળાના શુભારંભ પ્રસંગે લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર શ્રી સજલ મેહ્રા તથા આરસેટી નિયામક શ્રી રાજેન્દ્ર પાઠક, એનઆરએલએમ સ્ટાફ તથા સખીમંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

જેતપુરમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર", દર રવિવારે ભરાશે બજાર

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્ય સરકારના આત્મા,ખેતીવાડી અને બાગાયત વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે અને તેઓની ખેતપેદાશ તાલુકા કક્ષાએ વેંચી શકે તે માટે એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા)-રાજકોટ દ્વારા ખેડૂતોને યોગ્ય માધ્યમ મળી રહે તે માટે જેતપુરમાં શનિવારથી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર શરૂ થવા જઈ રહ્યું છે, જેના સુચારુ આયોજન અન્વયે પ્રાંત અધિકારીશ્રી રાજેશ આલના અધ્યક્ષસ્થાને જેતપુર તાલુકા સેવાસદન ખાતે બેઠક મળી હતી. પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા રાજ્યભરમાં અનેકવિધ પહેલો હાથ ધરવામાં આવી છે ત્યારે પ્રાકૃતિક કૃષિનાં ઉત્પાદનના વેચાણને વેગવાન બનાવવા જેતપુર શહેરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડની દીવાલ પાસે, ફૂટપાથ ઉપર, ખોડલ હોટલ સામે, જુનાગઢ રોડ, જેતપુર ખાતે સવારે ૮ કલાકથી વેચાણ કેન્દ્ર શરૂ કરવાના આયોજન સંબંધિત જરૂરી ચર્ચાઓ આ બેઠકમાં કરવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પકાવેલ કઠોળ, તેલીબિયાં, ફળો, શાકભાજી અને મૂલ્યવર્ધિત ખેત પેદાશોનું ખરીદ-વેચાણ આ કેન્દ્રો ઉપર દર રવિવારે કરી શકાશે. બેનરો, જાહેરાતો, પેમ્પલેટ અને સોશિયલ મીડિયાના માધ્યમ થકી લોકોને "પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર" વિશે માહિતગાર કરવા સુચારૂ પ્રચાર પ્રસાર ઉપર ભાર મુકી સંબંધિત વિભાગનાં તમામ અધિકારીઓને જે તે વિભાગના કર્મચારીઓ દ્વારા જાહેર જનતા સુધી માહિતી મળે તે માટે બનતા તમામ પ્રયાસો કરવા પ્રાંત અધિકારીશ્રી રાજેશ આલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં જેતપુર મામલતદારશ્રી ડી.એ.ગીનીયા, મદદનીશ ખેતી નિયામકની કચેરી - જેતપુરના અધિકારીશ્રીઓ, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર, વિસ્તરણ અધિકારી, કલસ્ટર અધિકારીશ્રી, સીટી પોલીસ ઈન્સપેક્ટરશ્રી, નગરપાલિકાના અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી આ ઈ, પી.જી.વી.સી.એલ.ના અધિકારીશ્રીઓ સહિત સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુરની શ્રીમંત મહારાણાશ્રી નારણદેવજી લાઈબ્રેરીમાં વીર કવિ નર્મદની ૧૯૦મી જન્મજયંતિની ઉજવણી

કમલમ્ ન્યુઝ,વલસાડ

સમાજ સુધારક, કવિ, ગદ્ય સાહિત્યકાર વીર નર્મદ લાભ શંકર દવેનો જન્મ ૨૪ ઓગસ્ટ ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. કવિ નર્મદના જન્મદિવસને આ વર્ષે ૧૯૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે ધરમપુર પાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીમાં વીર નર્મદની પ્રતિમાનું પૂજન કરી દર વર્ષની જેમ આ વર્ષે પણ જન્મ જયંતીની ધામધૂમથી ઉજવણી કરી હતી. કવિશ્રી વીર નર્મદ કવિતા, ગદ્ય પ્રકારનું સાહિત્ય લખવાની સાથે સમાજ સુધારક પણ હતા. દેશમાં ચાલતી અંધશ્રધ્ધાઓ, કુરિવાજોથી સમાજને બચાવવા પોતાની જાત હોમી દીધી હતી. આજથી ૧૫૦ વર્ષ પહેલા તેમણે સમાજમાં સુધારા થાય તે માટે વિધવા સ્ત્રી જોડે લગ્ન કર્યા હતાં. તેમણે લેખન કાર્યમાં સમાજ સુધારણા માટે "દાંડિયા" નામનું સામયિક દ્વારા સાહિત્ય સેવા અને સમાજ સેવા કરી હતી. તેમનું પ્રેમ શૌર્ય અંકિત કાવ્ય 'જય જય ગરવી ગુજરાત' આજે પણ એટલુ જ પ્રચલિત છે. વીર કવિની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે ધરમપુર નગરપાલિકાના વહીવટદાર અને મામલતદાર ફ્રાન્સીસ વસાવા, પાલિકાના ચીફ ઓફિસર ડો.

વિજયભાઈ ઈટાલિયા, પાલિકાના માજી ઉપપ્રમુખ નરેશભાઈ પટેલ, લાઈબ્રેરીના સૌથી જૂના વાચક સભ્ય અને જાણીતા ચર્ચાપત્રી રાયસિંગભાઈ વળવી તથા લાઈબ્રેરીના વાચક યુવા- યુવતીઓ મોટી સંખ્યામાં હાજર રહી વીર નર્મદની પ્રતિમા પાસે દીપ પ્રાગટ્ય કરી ફૂલહાર ચઢાવી વીર નર્મદને નમન કરી જન્મજયંતીની ઉજવણી કરી હતી.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

મતદાતા ચેતના અભિયાન અંતર્ગત આણંદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે થી ૪ ગાડી ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું ભારતીય જનતા પાર્ટી દ્વારા શરૂ કરેલ તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ સુધી ચાલનાર મતદાતા ચેતના અભિયાન અંતર્ગત આણંદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે થી ૪ ગાડી ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું આ ૪ ગાડી જિલ્લાના વિવિધ વિસ્તારમાં ફરી મતદાતા ચેતના અભિયાન ને વેગ આપવા પ્રચાર - પ્રસાર કરશે. આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી જગતભાઈ પટેલ, શ્રી સુનિલભાઈ શાહ, કોષાધ્યક્ષ શ્રી સુનિલભાઈ શાહ, જિલ્લા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

તાપી જિલ્લામાં સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત રજૂ થયેલા પ્રશ્નોનો હકારાત્મક નિકાલ

જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત તમામ ૧૭ અને તાલુકા વાર યોજાયેલ સ્વાગત કાર્યક્રમમાં તમામ ૫૧ અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો

કમલમ્ ન્યુઝ,તાપી

દર મહિનાના ચોથા ગુરુવારે સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે જે પ્રશ્નોનું આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદાર નાગરિકો અને સંબંધિત અધિકારીઓની હાજરીમાં સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવે છે. જેને અનુલક્ષીને તાપી જિલ્લામાં ઈંચા.કલેક્ટર શ્રી વી.એન.શાહના અધ્યક્ષસ્થાને તથા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતીમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લાના અરજદાર દ્વારા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા સ્વાગત અંતગર્ત જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત અરજદારોના વણઉકેલ્યા પ્રશ્નોને સાંભળી સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી અરજદારોના પ્રશ્નોનું ઝડપથી અને સમયમર્યાદામાં નિરાકરણ કરવા માટે સૂચના આપી હતી. આમ, જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત કુલ-૧૭ અરજીઓમાંથી તમામ ૧૭ અરજીઓનો હકારાત્મક નિકાલ તથા તાલુકા કક્ષાએ તાલુકા વાર યોજાયેલ સ્વાગત કાર્યક્રમમાં કુલ-૫૧ અરજીઓમાંથી તમામ ૫૧ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

કમલમ્ ન્યુઝ,ચેતન પટેલ-મહેસાણા

મહેસાણા ખાતે મહેસાણા જિલ્લા પ્રશાસન દ્વારા પી એમ એવોર્ડ ૨૦૨૨ની મહેસાણા જિલ્લા પ્રશાસન દ્વારા લોકપ્રશાસન માં ઉત્કૃષ્ટ કામગીરી સંદર્ભ અભિવાદન સમારોહ યોજાયો આ પ્રસંગે જિલ્લા કલેકટર એમ નાગરાજન જિલ્લા વિકાસ અધિકારી ડોક્ટર ઓમ પ્રકાશ જિલ્લા પોલીસ વડા અચલ ત્યાગી મહેસાણા જિલ્લા પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર કારોબારી ચેરમેન હરિભાઈ શિક્ષણ ચેરમેન મુકેશભાઈ શિક્ષણ અધિકારી ગૌરંગ વ્યાસ અને એકે મોઢ અને શિક્ષણ વિભાગના અધિકારીગણ અને અજયભાઈ બારોટ હાજર રહી કાર્યક્રમનું સંચાલન કર્યું

ચીખલી તાલુકાના સુરખાઈ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહિરની ઉપસ્થિતિમાં પશુપાલન શિબિર યોજાઈ

કમલમ્ ન્યુઝ,નવસારી

ચીખલી તાલુકાના જ્ઞાનકિરણ ધોડિયા સમાજ ભવન સુરખાઈ ખાતે નવસારી જિલ્લા પંચાયત પશુપાલન શાખા દ્વારા પશુપાલન યોજનાકીય શિબિર તથા ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતિના પશુપાલકોને વાસણ કીટ અને રબરમેટ વિતરણ કાર્યક્રમ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીખુભાઈ આહીરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહિરે રાજય સરકારશ્રીની પશુપાલન વિભાગની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચીખલી અને નવસારી તાલુકાના કુલ ૪૦૦ પશુપાલકોને વાસણકીટ નો લાભ આપવામાં આવ્યો હતો અને ચીખલી તાલુકાના કુલ ૮૧ પશુપાલકોને પશુઓને બેસવા માટેની રબર મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમા નાયબ પશુપાલન નિયામક ડો. એમ.સી.પટેલે સૌને આવકારી યોજનાકીય માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પશુપાલન અધ્યક્ષશ્રી પરિમલભાઈ પટેલ, શિક્ષણ સમિતિ અધ્યક્ષશ્રી દર્શનાબેન પટેલ, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી શ્રીઅરવિંદભાઈ પાઠક, જાહેર આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી પ્રકાશભાઈ પટેલ, તાલુકા પંચાયત ચીખલી પ્રમુખશ્રી કલ્પનાબેન તથા જિલ્લા પંચાયત સદસ્યો તાલુકા પંચાયત સદસ્યો અને ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્ર સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના સચિવશ્રી અનિલકુમાર ઝાએ ધરમપુરના માલનપાડાની એકલવ્ય સ્કૂલ અને ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લીધી

કમ્પ્યુટર અને નર્સિંગ કોર્ષ સિવાયના અન્ય ટ્રેડના વિદ્યાર્થીઓને પણ કમ્પ્યુટર શીખવવા સચિવશ્રીએ સૂચન કર્યું

કમલમ્ ન્યુઝ,વલસાડ

કેન્દ્ર સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના સચિવશ્રી અનિલકુમાર ઝાએ ગતરોજ તા. ૨૪ ઓગસ્ટે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના માલનપાડા ગામની એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલ અને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લઈ નિરિક્ષણ કર્યુ હતું. સાથે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અંગે જરૂરી સૂચનો પણ કર્યા હતા. વલસાડ જિલ્લાની ઉડતી મુલાકાતે આવેલા સચિવશ્રી અનિલકુમાર ઝાએ ધરમપુરના માલનપાડા ખાતે બાવળી ફળિયામાં આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલની મુલાકાત લીધી હતી. આ સ્કૂલમાં ધો. ૬ થી ૧૨ ના ૧૬૪ કુમાર અને ૧૯૦ કન્યા મળી કુલ ૩૫૪ છાત્રો અભ્યાસ કરે છે. સચિવશ્રીની મુલાકાત વેળા લોબીમાં બેસીને વાંચન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે તેમણે સંવાદ કર્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયના પુસ્તકનો અભ્યાસ કરી રહ્યા હતા તે દરમિયાન સચિવશ્રીએ પ્રકાશના વક્રીભવન બાબતે જરૂરી સવાલ કરતા તેમનો પ્રત્યુત્તર વિદ્યાર્થીઓએ આપતા તેઓએ પ્રસન્નતા વ્યક્ત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓનું રસોડુ (મેસ) અને બાયોલોજી તેમજ કેમેસ્ટ્રી લેબોરેટરીનું પણ નિરિક્ષણ કર્યુ હતુ. ધો.૧૨ સાયન્સના શિક્ષકોને પૂછ્યુ કે, તમે પ્રેકટીકલ કેવી રીતે કરાવો છો? મેડિકલમાં કેટલા વિદ્યાર્થીઓ જાય છે? વગેરે પ્રશ્નોની માહિતી મેળવી હતી. આચાર્ય પ્રવિણભાઈ ભોયા સાથે વિદ્યાર્થીઓની રહેવા અને જમવા સહિતની સવલતો અંગે ચર્ચા કરી હતી. ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગરના કાર્યપાલક નિયામક એસ.બી.વસાવાએ સચિવશ્રીને અત્રેની સ્કૂલનું મકાન જુનુ થયુ હોવાથી લાકડમાળમાં સ્કૂલના નવા બિલ્ડિંગના બાંધકામ માટે જમીન મળી છે તે બાબતે માહિતગાર કર્યા હતા. સચિવશ્રીએ એકલવ્ય મોડેલ સ્કૂલની કામગીરી બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો. સચિવશ્રીએ ત્યારબાદ બાજુમાં આવેલા અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ સંચાલિત વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ સેન્ટરમાં ઈલેક્ટ્રીક, કેમિકલ પ્લાન્ટ ઓપરેટર, સિવિંગ મશીન ઓપરેટર, વેલ્ડિંગ અને કમ્પ્યુટર હાર્ડવેર સહિત કુલ ૧૧ ટ્રેડમાં યુવક અને યુવતીઓ મળી કુલ ૪૫૨ વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. સેમિનાર હોલમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી પૂછ્યું કે, કેટલા મહિનાની ટ્રેનિંગ લો છો?, કયા ટ્રેડમાં છો?, કયાં વિસ્તારમાંથી આવો છો?, આ સેન્ટર વિશે તમને માહિતી કેવી રીતે મળી? અહીં રહેવા, જમવા માટેની સુવિધા કેવી છે? અને ભણવામાં મજા આવે છે? સહિતના પ્રશ્નો પૂછી સંવાદ કર્યો હતો. ત્યારબાદ અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડના ટ્રસ્ટી સ્વાતિબેન લાલભાઈ સાથે પણ સચિવશ્રીએ વાર્તાલાપ કર્યો હતો. વિશેષમાં વીટીસીના આચાર્ય કેતનભાઈ ગુમેને વિદ્યાર્થીઓના હિતમાં સૂચન કરતા જણાવ્યું કે, કમ્પ્યુટર અને નર્સિંગ કોર્ષના સ્ટુડન્ટોને તમે કમ્પ્યુટર શીખવો જ છો પરંતુ આ સિવાય અન્ય ટ્રેડના જે વિદ્યાર્થીઓ છે તેમના માટે પણ એક મોડ્યુલ બનાવી કમ્પ્યુટરનું બેઝિક નોલેજ અવશ્ય આપજો. જેથી તેઓને ઉપયોગી થઈ શકે. અંતે સચિવશ્રીએ વીટીસીની વ્યવસ્થા ચકાસી પોઝિટિવ ફીડબેક આપી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપી હતી.

"મૂર્ત વારસો એ માત્ર ભૌતિક મૂલ્યનો જ નથી હોતો પરંતુ તે રાષ્ટ્રનો ઇતિહાસ અને ઓળખ પણ છે"

પ્રધાનમંત્રીએ G20 સાંસ્કૃતિક મંત્રીઓની બેઠકમાં સંબોધન આપ્યું

યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલયનું કામ પૂરું થતાં તે ૫,૦૦૦ વર્ષ કરતાં વધુ સમયથી ફેલાયેલા ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિનું પ્રદર્શન કરતા વિશ્વના સૌથી મોટા સંગ્રહાલય તરીકે ઊભું રહેશે

"કાશીને જ્ઞાન, કર્તવ્ય અને સત્યના ભંડાર તરીકે ઓળખવામાં આવે છે અને તે ખરેખર ભારતની સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક રાજધાની છે"

"કાર્યકારી સમૂહનું કાર્ય ચાર 'ઝ' એટલે કે – કલ્ચર, ક્રિએટીવિટી, કોમર્સ અને કોલેબ્રેશનના મહત્વને પ્રતિબિંબિત કરે છે"

"ભારતમાં અમને અમારી શાશ્વત અને વૈવિધ્યસભર સંસ્કૃતિ પર ખૂબ જ ગૌરવ છે. અમે અમારા અમૂર્ત સાંસ્કૃતિક વારસાને પણ ખૂબ જ મૂલ્ય આપીએ છીએ"

"આર્થિક વિકાસ અને વૈવિધ્યકરણ માટે વારસો એ એક મહત્વપૂર્ણ સંપત્તિ છે, અને 'વિકાસ ભી વિરાસત ભી'ના ભારતના મંત્રમાં તેનો પડઘો પડે છે"

"ભારતનો રાષ્ટ્રીય ડિજિટલ જિલ્લા ભંડાર સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથાઓને ફરીથી શોધવામાં મદદ કરી રહ્યો છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે યોજવામાં આવેલી G20 સાંસ્કૃતિક મંત્રીઓની બેઠકમાં વીડિયો લિંક દ્વારા સંબોધન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ આ બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવોનું વારાણસીમાં સ્વાગત કર્યું, જેને કાશી તરીકે પણ ઓળખવામાં આવે છે, અને આ શહેર તેમનો સંસદીય મત વિસ્તાર હોવાથી, ૨૨૦ સાંસ્કૃતિક મંત્રીઓની બેઠકનું આયોજન આ શહેરમાં થઈ રહ્યું હોવાનો તેમણે આનંદ પણ વ્યક્ત કર્યો હતો. સૌથી પ્રાચીન જીવંત શહેરો પૈકીના એક કાશી હોવાનો તરીકે ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ નજીકમાં આવેલા સારનાથ શહેર કે, જ્યાં ભગવાન બુદ્ધે તેમનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાન મંત્રીએ અહીં આવેલા અતિથિઓને ગંગા આરતી કાર્યક્રમના સાક્ષી બનવાનું સૂચન કર્યું હતું, સારનાથની મુલાકાત લેવાનું કાશીની સ્વાદિષ્ટ વાનગીઓનો આસ્વાદ માણવાનું સૂચન કર્યું હતું અને ટિપ્પણ કરી હતી કે, "કાશીને જ્ઞાન, કર્તવ્ય અને સત્યના ભંડાર તરીકે ઓળખવામાં આવે છે અને તે ખરેખર ભારતની સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક રાજધાની છે". સંસ્કૃતિમાં એવી સહજ સંભાવના રહેલી છે જે આપણને વિવિધ પૃષ્ઠભૂમિ અને પરિપ્રેક્ષ્યોને સમજવામાં સમર્થ બનાવે છે તે વાત પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ૨૨૦ સાંસ્કૃતિક મંત્રીઓના સમૂહનું કાર્ય સમગ્ર માનવજાત માટે ઘણું મહત્વ ધરાવે છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "ભારતમાં અમને અમારી શાશ્વત અને વૈવિધ્યસભર સંસ્કૃતિ પર ખૂબ જ ગૌરવ છે. અમે અમારા અમૂર્ત સાંસ્કૃતિક વારસાને પણ ખૂબ જ મૂલ્ય આપીએ છીએ", તેમજ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત તેના વારસાના સ્થળોનું જતન કરવા અને તેને પુનર્જીવિત કરવા સખત મહેનત કરી રહ્યું છે. તેમણે રાષ્ટ્રીય સ્તરે તેમજ ગ્રામ્ય સ્તરે દેશની સાંસ્કૃતિક સંપત્તિ અને કલાકારોના મેપિંગનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારતની સંસ્કૃતિની ઉજવણી કરવા માટે અનેક કેન્દ્રોનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને ભારતના આદિવાસી સમુદાયોની જીવંત સંસ્કૃતિનું પ્રદર્શન કરી રહેલા દેશના વિવિધ ભાગોમાં સ્થિત આદિવાસી સંગ્રહાલયોનું ઉદાહરણ આપ્યું હતું. નવીદિલ્હીમાં આવેલા પ્રધાનમંત્રી સંગ્રહાલયનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતની લોકશાહીના વારસાને પ્રદર્શિત કરવાનો આ પોતાની રીતે એક અનોખો પ્રયાસ છે. તેમણે 'યુગે યુગીન ભારત' રાષ્ટ્રીય મ્યુઝિયમ વિકસાવવાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેનું કામ પૂરું થયા પછી તે ૫,૦૦૦ વર્ષ કરતાં વધુ સમયથી ફેલાયેલા ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિનું પ્રદર્શન કરતા વિશ્વના સૌથી મોટા સંગ્રહાલય તરીકે ઊભું રહેશે. પ્રધાનમંત્રીએ સાંસ્કૃતિક સંપત્તિની પુનઃપ્રાપ્તિના મહત્વપૂર્ણ મુદ્દા વિશે વાત કરતી વખતે કાર્યકારી સમૂહના પ્રયાસોને આવકાર્યા હતા અને કહ્યું હતું કે, મૂર્ત વારસો એ માત્ર ભૌતિક મૂલ્યનો જ નથી હોતો પરંતુ તે રાષ્ટ્રનો ઈતિહાસ અને ઓળખ પણ છે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "દરેકને તેમના સાંસ્કૃતિક વારસાની સુલભતા મેળવવાનો અને તેને માણવાનો અધિકાર છે." પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, ૨૦૧૪થી અત્યાર સુધીમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિનો મહિમા દર્શાવતી સેંકડો કલાકૃતિઓને સ્વદેશમાં પાછી લાવવામાં આવી છે. તેમણે જીવંત વારસાની દિશામાં કરવામાં આવતા પ્રયાસો તેમજ 'LiFE માટેની સંસ્કૃતિ'માં યોગદાનની પણ પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આખરે તો સાંસ્કૃતિક વારસો માત્ર પથ્થરોમાં કરવામાં આવેલી કોતરણીઓ નથી હોતી, પરંતુ તે પરંપરાઓ, રિવાજો અને તહેવારો પણ છે જે પેઢી દર પેઢીને સોંપવામાં આવે છે. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કાર્યકારી સમૂહના પ્રયાસો ટકાઉક્ષમ વ્યવહાર અને જીવનશૈલીઓને પ્રોત્સાહન આપશે. આર્થિક વિકાસ અને વૈવિધ્યકરણ માટે વારસો એ એક મહત્વપૂર્ણ સંપત્તિ છે, અને 'વિકાસ ભી વિરાસત ભી' એટલે કે વિકાસની સાથે વારસાનું જતનના ભારતના મંત્રમાં તેનો પડઘો પડે છે એ વાતને પ્રધાનમંત્રીએ રેખાંકિત કરી હતી. ભારતીય હસ્તકળાની વિશિષ્ટતા દર્શાવતી અને સાથે સાથે આત્મનિર્ભરતાને આગળ વધારતી 'એક જિલ્લો, એક ઉત્પાદન' પહેલ પર પ્રધાનમંત્રીએ પ્રકાશ પાડતી વખતે કહ્યું હતું કે, "ભારત લગભગ ૩,૦૦૦ અનન્ય કળા અને હસ્તકળા સાથે તેના ૨,૦૦૦ વર્ષ જૂના હસ્તકળા વારસા પર ગૌરવ અનુભવે છે". તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક અને સર્જનાત્મક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે G20 દેશો દ્વારા કરવામાં આવતા પ્રયાસો ગહન મહત્વ ધરાવે છે કારણ કે તે પ્રયાસો સમાવેશી આર્થિક વિકાસને સરળ બનાવશે અને સર્જનાત્મકતા તેમજ આવિષ્કારને સમર્થન આપશે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, આગામી મહિનામાં ભારત ૧.૮ બિલિયન ડોલરના પ્રારંભિક ખર્ચ સાથે પીએમ વિશ્વકર્મા યોજના શરૂ કરવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, આ યોજના પરંપરાગત કારીગરો માટે સમર્થનની ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે અને તેમને તેમની હસ્તકળામાં વિકાસ કરવા તેમજ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણમાં યોગદાન આપવા માટે સમર્થ બનાવશે. સંસ્કૃતિની ઉજવણીમાં ટેક્નોલોજી મહત્વપૂર્ણ સહયોગ આપે છે તેની નોંધ લઈને, પ્રધાનમંત્રીએ સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથાઓને ફરીથી શોધવામાં મદદ કરી રહી રહેલા ભારતના રાષ્ટ્રીય ડિજિટલ જિલ્લા ભંડારનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સાંસ્કૃતિક મહત્વ ધરાવતા સ્થળોને પર્યટકો માટે વધુ મૈત્રીપૂર્ણ બનાવવાની સાથે સાથે ભારતના સાંસ્કૃતિક સીમાચિહ્નોની વધુ સારી રીતે જાળવણી સુનિશ્ચિત કરવા માટે ટેક્નોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનનું સમાપન કરતી વખતે, G20 સાંસ્કૃતિક મંત્રીઓના કાર્યકારી સમૂહ દ્વારા શરૂ કરવામાં આવેલા 'સંસ્કૃતિ બધાને એક કરે છે' અભિયાન અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. આ અભિયાન વસુધૈવ કુટુંબકમ - એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની ભાવનાને સમાવે છે. તેમણે મૂર્ત પરિણામો સાથે ૨૨૦ એક્શન પ્લાનને આકાર આપવામાં તેમની મુખ્ય ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ અંતે કહ્યું હતું કે, "તમારું કાર્ય ચાર 'ઝ' એટલે કે– કલ્ચર (સંસ્કૃતિ), ક્રિએટીવિટી (સર્જનાત્મકતા), કોમર્સ (વેપાર) અને કોલેબ્રેશન (સહયોગ)ના મહત્વને પ્રતિબિંબિત કરે છે. તે આપણને કરુણાપૂર્ણ, સર્વસમાવેશી અને શાંતિપૂર્ણ ભવિષ્યનું નિર્માણ કરવા માટે સંસ્કૃતિની શક્તિનો ઉપયોગ કરવામાં સમર્થ બનાવશે."

આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકા ની બહેનોને બી.સી. સખી નિમણુક અને કીટ વિતરણ

સુરત જિલ્લામાં ૩૦૦ બી.સી. (બેકિંગ કોરસપોન્ડન્ટ) સખી થકી બહેનોને આર્થિક પગભર બનાવવાની અનોખી પહેલ

કમલમ્ન્યુઝ,મયુરપટેલ

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાની સ્વસહાય જૂથની બહેનોને સ્વનિર્ભર બનાવવા કુબેરજી ફિનટેક કંપનીના સહયોગથી માંડવી ખાતે ૫૦ બી.સી. (બેકિંગ કોરસપોન્ડન્ટ) સખી નિમણૂંક અને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાની સ્વસહાય જૂથની મહિલાઓને 'ડિજીટલ પેમેન્ટ' અને 'ડિજીટલ બેંકિંગ' જેવા વિષયો અંગે માહિતગાર કરી બેકિંગ સુવિધા આપવા માટેના ઉપકરણો અને જાહેરાત માટેની સામગ્રીનું મંત્રીશ્રીએ વિતરણ કર્યું હતું. આ કીટથી બહેનો પોતાના ગામમાં ડિજિટલ સુવિધાની શરૂઆત કરી આત્મનિર્ભર બની શકશે. સુરત જિલ્લાના માંડવી ખાતે સુરતની ફિનટેક કંપની 'કુબેરજીટેક પ્રા.લિ. આયોજિત આ કાર્યક્રમમાં મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર નારીશક્તિની પ્રગતિ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. બી.સી.સખી કીટ થકી બહેનો માટે આજીવિકાનો નવો સ્રોત ઉભો થશે. સખી બહેનો ગામમાં મોબાઈલ થકી નાણાંની લેવડ-દેવડ સાથે અન્ય સેવાના ઉપયોગથી પગભર બનશે. સુરત જિલ્લામાં ૩૦૦ બી.સી. (બેંકિંગ કોરસપોન્ડન્ટ) સખી થકી બહેનોને આર્થિક પગભર બનાવવા અનોખી પહેલ શરૂ કરવા બદલ કુબેરજી કંપનીના હોદ્દેદારોને બિરદાવ્યા હતા. તેમણે રાજ્યમાં બહેનો માટે "ની આગવી પહેલ કરી મહિલાઓ માટેના વિશેષ કોર્સ તૈયાર કરાયા હોવાનું અને સ્વરોજગારી માટે સખી મંડળની બહેનોને રૂ.૫ લાખની લોન ૪ ટકાના વ્યાજે મળી રહી હોવાનું ઉમેર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે, આપણું ભારત 'એક ભારત શ્રેષ્ઠ ભારત' બનવા તરફ જઈ રહ્યું છે, ત્યારે ઈસરોના વૈજ્ઞાનિકોને ચંદ્રયાન-૩ મિશનને સફળતાપૂર્વક પાર પાડી ઈતિહાસ રચવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. નોંધનીય છે કે, આઝાદીના અમૃત્ત મહોત્સવના અવસરે વડાપ્રધાનશ્રી દ્વારા નારીશક્તિને નવી ઊંચાઈ બક્ષવાના અનેકવિધ પ્રયાસો થઈ રહ્યા છે. દેશના લગભગ ૧૦ કરોડ સ્વસહાય જૂથની મહિલાઓ પૈકી ૨ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ લક્ષ્યને સાર્થક કરવામાં 'કુબેરજી' મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. સુરત જિલ્લામાં ૩૦૦ બીસી સખી તૈયાર કરવાના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૧૨૫ બીસી સખીઓ કાર્યરત થઈ છે. આ પ્રસંગે ATDO એચ.કે ચૌધરી, ઢઈઢછ સુરતના આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર આશિષભાઈ દેસાઈ, કુબેરજી ટેક પ્રા.લિ.ના ફાઉન્ડર હિતેશ કનેરિયા અને CEO પુનિત ગજેરા, અને મોટી સંખ્યામાં સખીમંડળની બહેનો, બી.સી સખી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ૨૫ કરોડના ખર્ચે ધાર્મિક સંકુલ નું નિર્માણ

યાત્રાધામો ના સર્વાંગી વિકાસ માં મોટી ધાર્મિક સંસ્થાઓ પહેલ કરે તો રાજ્ય ની અનેક સંસ્થાઓ આવા કાર્યો સહભાગી બની શકે તેમ છે

કમલમ્ ન્યુઝ,ભુજ

કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દેશ ના પવિત્ર યાત્રાધામો ના સર્વાંગી વિકાસ ને લઈ કટીબદ્ધ છે ત્યારે દેશ માં અનેક મોટી મોટી ધાર્મિક સંસ્થાઓ છે કે જે પોત પોતાના રાજ્યની રાજ્ય સરકારો સાથે રહીને યાત્રાધામો ના નવીનીકરણ અને સર્વાંગી વિકાસમાં સહભાગી બનવા માટે તૈયારી બતાવી જોઈએ, જેનાં કારણે રાજ્યના ધાર્મિક સ્થળો નો સર્વાંગી વિકાસ થતાં ની સાથે યાત્રિકો અને પ્રવાસીઓ આવા સ્થળોની મુલાકાત લેતાં ની સાથે મધ્યમ અને નાના વર્ગ માણસોને રોજગારી મળી રહે તેવા શુદ્ધ ઉદ્દેશો ને ધ્યાન માં લઈ આવા શુભકાર્ય નું મંગલા ચરણ કચ્છ માં આવેલ સુપ્રસિદ્ધિ યાત્રાધામ નારાયણ સરોવર ખાતે થી થવા જઈ રહયું છે. દેશ અને વિદેશમાં અનેક ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા અવારનવાર લોકપયોગી અને સર્વાંગીવિકાસ અર્થે સેવાકીય કાર્યો થતાં રહે છે, ત્યારે ભુજ મંદિર તરફથી કચ્છ ના સુપ્રસિદ્ધ યાત્રાધામ નારાયણ સરોવર ખાતે ભવ્ય થી ભવ્ય નુતન ધાર્મિક સંકુલ નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે. આ ધાર્મિક અને સેવાકીય સંકુલ નું ખાધમર્હુત ભુજ મંદિર ના મહંતપૂ. ધર્મનંદનદાસજી ,ઉપમહંતશ્રી.ભગવતજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, આદિ સ.દ.ગુરૂ સંતો માં શ્રીહરિદાસજી, દેવકૃષ્ણદાસજી, જગતપાવનદાસજી, બાલકૃષ્ણદાસજી સાથે સંકુલ ના મુખ્ય યજમાન શ્રીઓ માં ભુજ મંદિરના સલાહકાર અને કેન્યાના દાતા રામજીભાઈ દેવજી વેકરીયા, કાંતિભાઈ મુળજી મેપાણી, મુળજીભાઈ શિયાણી, કાંતિભાઈ નારણ કેરાઈ, રામજીભાઈ, શાંતિભાઈ તથા લાલજીભાઈ ગોપાલ દબાસીયા કે જેઓ દેવો ની મૂર્તિઓ અને સિંહાસન ના યજમાન પરીવારો અને મહિલા યજમાનોએ બાઈઓ ના મહંત સા.યો.શામબાઈ ફઈ સાથે પુજનવિધિ માં જોડાયા હતા. આ ધાર્મિક સંકુલ માટે ૧૨ એકર નું ભુમિદાન નારાણપર ગામના શ્રી. રામજીભાઈ વેકરીયા આપ્યું છે, આ અંગે વિશેષ માહિતી આપતાં ભુજના મંદિરના સંત કોઠારી સ્વામીદેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતુંકે, અંદાજીત ૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ધાર્મિક સંકુલ માં એક્કી સાથે ૭૦૦ જેટલા યાત્રાળુઓને રહેવા અને જમવા જેવી હાઈટેક સુવિધાઓથી સજ્જ આ સંકુલ માં મંદિર, આવનાર યાત્રિકો માટે આઠ મોટા હોલ, ૭૦ રૂમ,ડાયનીંગ હોલ અને સભામંડપ નું નિર્માણ કરવામાં આવશે, સંભવિત એક વર્ષના સમયગાળા દરમિયાન નિર્માણ પામનારા આ સંકુલ માટે ભુજ મંદિરના મહંતસ્વામી પૂ. શ્રી ધર્મનંદનદાસજી ના અધ્યક્ષ સ્થાને એક ઉચ્ચસ્તરીય બાંધકામ સમિતિ ની રચના કરવામાં આવી છે જેમાં ઉપમંહત સ્વામી શ્રી ભગવતજીવનદાસજી, કોઠારી પાર્ષદ શ્રી જાદવજી ભગતના નેતૃત્વ આ સમિતિમાં અન્ય સંતો પુરષોત્તમસ્વરૂપદાસજી, દેવપ્રકાશદાસજી,દિવ્યસ્વરૂપદાસજી, પરમહંસદાસજી,કૃષ્ણવિહારીદાસજી, જાદવજી ગોરસીયા, કાનજી મેપાણી, વાલજી પટેલ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીઓ અને લખપત તાલુકાના અગ્રણીઓનો સામ્વેશ કરાયો છે. આ શુભ પ્રસંગે પધારેલા વરિષ્ઠ સંતો માં માંડવી મંદિર થી લક્ષ્મીપ્રસાદ દાસજી, અંજાર થી કેશવજીવનદાસજી, કચ્છ સંપ્રદાયના સંતો, ગુરુકુળો ના સંતો, સાંખ્ય યોગીબહેનો, કોટેશ્વર ખાતે તહેનાત સૈનિક જવાનો, હરિભક્તો, લખપત તાલુકા ક્ષેત્રના અગ્રણીઓ, મંદિર ના મુખ્ય કોઠારી મુળજીભાઈ શિયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરસીયા વિગેરે ટ્રસ્ટીઓએ સહિત અંદાજીત ચારેક હજાર લોકો, નિર્માણ પામનાર ધાર્મિક સંકુલ ના કાર્યકમ ઉપસ્થિત રહયા હતા.

અમરોલી બી.બી.એ., બી.સી.એ.,બી.કોમ. કોલેજમા રકતદાન શિબિરનું આયોજન



કમલમ્ ન્યુઝ,

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા. ૨૬-૦૮-૨૦૨૩ના રોજ રકતદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. રકતદાન શીબીરના ઉદ્?ઘાટન સમારંભ મા ફેમીલી ફિઝિશયન એસોસીએશન - સુરતના પ્રેસીડન્ટ ડૉ. સુરેન્દ્રભાઈ પ્રજાપતિ, મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ ગતીવાલા તેમજ રકતદાતાને સ્મૃતિ ભેટ આપનાર યુનિવર્સિટીના સેનેટ મેમ્બર ડૉ. સતિશ પટેલ, લાયન્સ કલબના શ્રી ધનેશભાઈ ગોળવાલા, ડાયરેકટર એમજીએસ પ્રા.લી.નાશ્રી ગગનરાજભાઈ, ,એચડીએફસી બેંકના શ્રી જતિનભાઈ વશી, શ્રી જીવન જયોત ટ્રસ્ટ,અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્? મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ, મેમ્બરશ્રી મહેન્દ્રભાઈ સોલંકી તેમજ માનવંતા મહેમાન તરીકે યુનિવર્સિટી સિન્ડિકેટ મેમ્બર શ્રી કિશોર પોરીયા, શ્રી કશ્યપ ખરવાસીયા તથા યુનિવર્સિટી સેનેટ સભ્યશ્રી દિશાંત બાગરેચા, શ્રી અમિતભાઈ નાશાણી, શ્રી ભાર્ગવરાજયગુરૂ, શ્રી ગણપતભાઈ ધામેલીયા, શ્રી પ્રદ્યુમન જરીવાળા તેમજ ડિવાઈન આઈ હોસ્પીટલના ડૉ તુષાર પટેલ તથા નવયુગ કોલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલ, બી.બી.એ.ધારૂકાવાલા કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ગોવિંદભાઈ ધીનૈયા હાજર રહયા હતા. રકદાન શીબીર દરમ્યાન ગુજરાત રાજયના માનનીય શીક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ અમૂલ્ય હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા રકતદાન માટે વિદ્યાર્થી જાગૃતતા અને ઉત્સાહસાથે હાજરી જોઈ વિદ્યાર્થીઓના આ યોગદાનને વખાયા હતા.

રકદાન શીબીરમાં વિદ્યાર્થીઓએ તથા કોલેજના સ્ટાફ સભ્યોએ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યુ હતુ. રકદાન શીબીરના અંતે ૨૭૩ જેટલી બોટલનુ રકતદાન થયુ હતુ. તમામ રકતદાતાઓને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ.મુકેશભાઈ ગોયાણી અને બીસીએ કોઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.કોમ. કો-ઓર્ડિનેટર ધરીતનાયક,બી.સી.એ. વિંટર કો-ઓર્ડિનેટર ડૉ.વીરલ પોલીશવાળા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.પ્રદિપકુમાર લેઉવા,પ્રા. જયોતિકા ટેલર તેમજ તમામ સ્ટાફ સભ્યો તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા એન.સી.સી. ગલર્સ કેડેટના સહકારથી સફળતા પૂર્વક યોજી શકાયો હતો.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028